## Current Affairs October.-2019

### 1. October. 2019

**(૧) વિશ્વ શાકાહારી દિવસ :**

**(૨) આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ**

- વિશ્વભરમાં દર વર્ષે ૧ ઓક્ટોબરના રોજ આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ વૃદ્ધ લોકોના અધિકારો અને હિતો વિશે જાગરૂક્તા ફેલાવવાના ઉદ્દેશ્યથી મનાવવામાં આવે છે.
- પ્રથમ રોજ આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસની ઉજવણી વર્ષ ૧૯૧૧માં કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૯ની થીમ : Celebrating olderrrre Human Rights champions"

**(૩) એની બેસન્ટ – જન્મજયંતિ :**

- સવાઇ ભારતીય તરીકે ઓળખાતા એની બેસન્ટનો આજે જન્મદિવસ છે.
- તેમનો જન્મ ૧ ઓક્ટોબર ૧૮૪૭ ના રોજ થયો હતો.
- લંડનના મધ્યમવર્ગીય પરિવારમાં જન્મેલા બેસન્ટ મૂળ આયર્લેન્ડના હતા.
- વર્ષ ૧૮૮૩માં તેમણે ભારત આવી સાંપ્રદાયિકતા, જન્મદર નિયંત્રણ અને સ્ત્રી હકો માટે લડત શરૂ કરી.
- તેમણે મદ્રાસ પાસે અડિયારમાં થિયોસોફિકલ સોસાયટી 'સન્સ ઓફ ઇન્ડિયા' અને 'ડોટર્સ ઓફ ઇન્ડિયા' નામની સંસ્થાઓની સ્થાપના કરી.
- સપ્ટેમ્બર ૧૯૧૬માં હોમરૂલ લીગની શરૂઆત કરી, જે સ્વરાજનો વિચાર આપનાર પહેલી સંસ્થા હતી.
- તેમના સામયિકો ' ન્યૂ ઇન્ડિયા' અને 'કોમનવિલ'
- ૧૯૧૭માં તેઓ કોંગ્રેસ અધિવેશનના પ્રથમ મહિલા પ્રમુખ બન્યા જે અધિવેશન કલકત્તામાં હતું.

**(૪) INS : ખંડેરી સબમરીન**

- તાજેતરમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથસિંહે મુંબઇ ખાતે આવેલ નેવલ ડોક યાર્ડથી INS ખંડેરી સબમરીનને નૌકાદળમાં સામેલ કરવી.
- સ્વદેશી બનાવટની INS ખંડેરી સબમરીનનું નિર્માણ મુંબઇની મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ દ્વારા મેક ઇન ઇન્ડિયા પ્રોજેક્ટ અંતર્ગત કરવામાં આવ્યું છે.
- INS ખંડેરી ડીઝલ ઇલેક્ટ્રીક એટેક સબમરીન છે.
- INS ખંડેરી પોતાના ઓછાં અવાજથી દુશ્મન જહાજને થાપ આપી શકે છે. એટલા માટે તેને સાઇલેન્ટ કિલર તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેનું પ્રથમ જલાવરણ જાન્યુઆરી ૨૦૧૭માં કરવામાં આવ્યું હતું.
- તેના તમામ પરીક્ષણોમાં મળેલ સફળતા બાદ તાજેતરમાં તેને નૌકાદળમાં સામેલ કરવામાં આવી છે.
- આ સબમરીનનું નામ ખંડેરી નામ છત્રપતિ શિવાજી મહારાજ દ્વારા નિર્માણ પામેલ એક કિલ્લાના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- INS ખંડેરી સ્કોર્પિયન ક્લાસની સબમરીન મુજબ તૈયાર થયેલ કલવરી ક્લાસની બીજી સબમરીન છે.
- ઉપરાંત INS ખંડેરી પ્રોજેક્ટ ૭૫ અંતર્ગત તૈયાર થયેલ બીજી સબમરીન છે.
- ફ્રાંસ અને ભારત વચ્ચે ફ્રાંસની સ્કોર્પિયન ક્લાસની સબમરીનને આધારે ભારતમાં પ્રોજેક્ટ ૭૫ અંતર્ગત ૬ સબમરીનના નિર્માણ માટે કરાર થયા છે.
- આ કરાર અંતર્ગત પ્રોજેક્ટ ૭૫ હેઠળ ભારતમાં મઝગાંવ ડોક શિપ બિલ્ડર્લસ લિમિટેડ કંપની દ્વારા ૬ સબમરીનનું નિર્માણ કરવામાં આવશે.
- આ ૬ સબમરીનના નિર્માણ માટેની ટેકનોલોજી ફ્રાંસની નેવલ ગ્રુપ કંપની ઉપલબ્ધ કરાવશે.
- સ્કોર્પિયન ક્લાસની ડિઝાઇનના આધારે તૈયાર થયેલ પ્રથમ સબમરીનનું નામ કલવરી છે જેનું જલાવરણ ૨૦૧૫માં કરવામાં આવ્યું છે.
- ડિસેમ્બર ૨૦૧૭માં કલવરી સબમરીનને નૌકાદળમાં સામેલ કરવામાં આવી હતી.
- મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ દેશની જાહેર ક્ષેત્રની મુખ્ય જહાજ નિર્માણ કંપની છે.
- INS ખંડેરી Indian Naval Submarine ખંડેરી

**(૫) સાહિત્યકાર કે. સિવા રેડ્ડી – સરસ્વતી સન્માન ૨૦૧૮**

- તાજેતરમાં તેલુગુ ભાષાના પ્રસિદ્ધ સાહિત્યકાર કે.સિવા રેડ્ડીને વર્ષ ૨૦૧૮ના સરસ્વતી સન્માનથી સન્માનીત કરવામાં આવ્યા.
- તેમને આ સન્માન તેમના કાવ્યસંગ્રહ પક્કાડી ઓટ્ટીગિલિતે માટે એનાયત કરવામાં આવ્યું છે.
- તેમને આ સન્માન દેશના ઉપરાષ્ટ્રપતિશ્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યું.
- વર્ષ ૨૦૧૭ના સરસ્વતી સન્માનથી ગુજરાતી સાહિત્યકાર સિતાંશુ યશશ્ચન્દ્રને તેમના કાવ્યસંગ્રહ વખાર માટે સન્માનીત કરાવમાં આવ્યા હતા.
- સિતાંશુ યશશ્ચન્દ્ર સરસ્વતી મેળવનાર બીજા ગુજરાતી છે. અગાઉ વર્ષ ૧૯૯૭માં મનુભાઇ પંચોલી (દર્શક) ને તેમની નવલકથા કુરૂક્ષેત્ર માટે આ સન્માન મળ્યું હતું.

**સરસ્વતી સન્માન :**

- સરસ્વતી સન્માન દેશના સર્વોચ્ચ સાહિત્ય પુરસ્કાર પૈકીનું એક છે.
- સરસ્વતી સન્માન અંતર્ગત વિજેતાઓને ૧૫ લાખ રૂપિયા, સાલ પ્રતિક ચિન્હ અને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.
- દેશમાં સાહિત્ય ક્ષેત્રે સૌથી વધુ રોકડ રકમ આ સન્માન અંતર્ગત આપવામાં આવે છે.
- આ સન્માન કે.કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે આપવામાં આવે છે.
- વર્ષ ૧૯૯૧માં આ સન્માન હિન્દી ભાષાના સાહિત્યકાર શ્રી હરિવંશ રાય બચ્ચનને આપવામાં આવ્યું હતું.

પ્રશ્નો

(૧) વિશ્વ શાકાહારી દિવસ ક્યારે મનાવાય છે ?

- ૧ ઓક્ટોબર

૨ આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ ક્યારે મનાવાય છે ?

- ૧ ઓક્ટોબર

૩ સવાઇ ભારતીય તરીકે કોણ ઓળખાતું હતું ?

- એની બેસન્ટ

૪ 'ન્યુ ઇન્ડિયા અને 'કોમનવિલ' સામયિકો કોના હતા ?

- એની બેસન્ટ

૫ એની બેસન્ટ મૂળ ક્યાંના વતની હતા ?

- આયર્લેન્ડ

૬ સાઈલન્ટ કિલર તરીકે ઓળખાતી ભારતની સબમરીનનું નામ જણાવો ?

- આઇએનએસ ખંડેરી

૭ સરસ્વતી સન્માન -૨૦૧૮ વિજેતા જણાવો?

- કે.સિવા રેડ્ડી

## 2. October. 2019

**(૧) રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ :**

- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની આજે ૧૫૦ મી જન્મજયંતિ
- તેમનો જન્મ ૨ ઓક્ટોબર, ૧૮૬૯ના રોજ પોરબંદર ખાતે થયો હતો.
- તેમનો જન્મ દિવસ સમગ્ર વિશ્વમાં વિશ્વ અહિંસા દિવસ તરીકે મનાવવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્ર મહસભા દ્વારા વર્ષ ૨૦૦૭ થી આ દિવસની ઉજવણી વિશ્વભરમાં કરવામાં આવે છે.
- ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત દિવસ અંતર્ગત રાષ્ટ્રકક્ષાની ઉજવણી ગુજરાતના અમદાવાદ ખાતે આવેલ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે કરવામાં આવી હતી.
- આ કાર્યક્રમમાં દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલ સરપંચો અને સ્વચ્છાગ્રહીઓનું સ્વચ્છતા પુરસ્કારથી સન્માન કર્યું હતું.
- પ્રધાનમંત્રીશ્રીએ આ કાર્યક્રમમાં દેશને સંપૂર્ણપણે ખુલ્લામાં શૌચથી મુક્ત જાહેર કર્યો હતો.
- વર્ષ ૨૦૧૪માં પ્રધાનમંત્રીશ્રીએ ગાંધી જયંતિ અવસરે નવી દિલ્લીના રાજઘાટ ખાતેથી શરૂ કરેલ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત દેશમાં ૧૧ કરોડથી વધુ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેના પરિણામે ૨ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ દેશ સંપૂર્ણપણે ખુલ્લામાં શૌચથી મુક્ત જાહેર થયો.
- આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૨ સુધીમાં દેશને સિંગલ યુઝ પ્લાસ્ટિકથી મુક્ત કરવાના લક્ષ્યની જાહેરાત કરી.
- તેમને દેશના નાગરિકોને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા વિનંતી પણ કરી.
- સિંગલ યુઝ પ્લાસ્ટિકમાં પોલિથીન બેગ વોટર બોટલ ડિસ્પોઝેબલ ડિશ–કપ વગેરેનો સમાવેશ થાય છે.
- સંપૂર્ણપણે રિસાઇકલ થઇ શકતા પ્લાસ્ટિકને નોન સિંગલ યુઝ પ્લાસ્ટિક કહેવામાં આવે છે તેની જાડાઇ ૫૦ માઇક્રોન્સથી વધુ હોય છે.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ૨ ઓક્ટોબરના રોજ અમદાવાદના સાબરમતી આશ્રમની મુલાકાત લીધી હતી.
- સાબરમતી આશ્રમ ખાતે તેમણે મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ અવસરે ૧૫૦ રૂપિયાના ચાંદીના સિક્કા અને ટપાલ ટિકિટનું અનાવરણ કર્યું હતું.
- ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે પ્રધાનમંત્રીશ્રીએ અમેરિકાના સમાચાર પત્રક ધ ન્યુયોર્ક ટાઇમ્સમાં WHY INDIA AND THE WORLD NEED GANDHI નામથી એક આર્ટીકલ પત્ર લખ્યો હતો.
- ગાંધી જયંતિ પ્રસંગે પેલેસ્ટાઇન, ઉઝબેકિસ્તાન, તુર્કી જેવા દેશોએ મહાત્મા ગાંધીની યાદમાં વિશેષ ટપાલ ટિકિટ પ્રસિદ્ધ કરી છે.
- ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પોરબંદર ખાતે ગાંધી જયંતીની ઉજવણીના ભાગ રૂપે સૌરાષ્ટ્રના પ્રથમ રિવરફ્રન્ટનું લોકાર્પણ કર્યું હતું.
- પોરબંદરના રૂપાલી કર્લી જળાશય ખાતે નિર્મિત આ રિવરફ્રન્ટને અસ્માવતી રિવરફ્રન્ટ નામ આપવામાં આવ્યું છે.
- આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે ૧૫૮ કેદીઓને રાજ્યમાફી આપી જેલમુક્ત કરવાનો નિર્ણય કર્યો છે.
- અગાઉ ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી વર્ષ નિમિત્તે ૨૨૯ કેદીઓને મુક્ત કરવામાં આવ્યા હતા.
- ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે ગુજરાત રાજયના નશાબંધી અને આબકારી કચેરી દ્વારા રાજ્યભરમાં ૨ ઓક્ટોબરથી ૮ ઓક્ટોબર દરમ્યાન નશાબંધી સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે.
- ગુજરાત રાજયના વન વિભાગ દ્વારા રાજ્યભરમાં ૨ ઓક્ટોબર થી ૮ ઓક્ટોબર દરમ્યાન વન્ય જીવ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે.

**(૨) લાલબહાદુર શાસ્ત્રી જન્મજયંતિ :**

- ભારતના બીજા વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની આજે ૧૧૫મી જન્મજયંતી.
- તેમનો જન્મ ૨ ઓક્ટોબર, ૧૯૦૪ના રોજ ઉત્તરપ્રદેશના મુઘલસરાઇ ખાતે થયો હતો.
- તેમણે દેશને 'જય જવાન જય કિશાન' સુત્ર આપ્યું હતું.
- લાલ બહાદુર શાસ્ત્રી ઉત્તરપ્રદેશના પરિવહન મંત્રી હતા તે સમયે દેશમાં પ્રથમવખત મહિલા બસ કંડેક્ટરની નિયુક્તિ કરવાની શરૂઆત કરી હતી.
- તેઓ વર્ષ જૂન ૧૯૬૪ થી જાન્યુઆરી ૧૯૬૬ દરમ્યાન દેશના બીજા વડાપ્રધાન તરીકે રહ્યા હતા.
- તેમના વડાપ્રધાન કાર્યકાળ દરમ્યાન વર્ષ ૧૯૬૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું હતું. જેમાં પાકિસ્તાનની હાર થઇ હતી.
- યુદ્ધ સમાપ્ત થયા બાદ ૧૧ જાન્યુઆરી ૧૯૬૬ના રોજ ઉઝબેકિસ્તાનની રાજધાની તાશકંદ ખાતે ભારતના વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ અયુબ ખાન વચ્ચે એક કરાર થયા હતા જે તાશકંદ કરાર તરીકે ઓળખાય છે.



Vivekanand Academy Gandhinagar

– તાશકંદ કરાર થયા તે જ દિવસે ૧૧ જાન્યુઆરી ૧૯૬૬ના રોજ તાશકંદ ખાતે જ તેમનું રહસ્યમય નિધન થયું હતું.
– લાલ બહાદુર શાસ્ત્રીનું સમાધિસ્થળ વિજય ઘાટ છે. જે નવી દિલ્હી ખાતે આવેલ છે.
– વર્ષ ૧૯૬૬માં તેમને ભારત રત્ન પુરસ્કારથી સન્માનીત કરાવમાં આવ્યા હતા. તેઓ મરણોત્તર ભારત રત્નથી સન્માનીત થનાર પ્રથમ વ્યક્તિ છે.

**(૩) વીજુ ખોટે : નિધન :**

– ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ બૉલીવુડ અભિનેતા વીજુ ખોટેનું નિધન થયું.
– તેમણે પોતાની કારકિર્દીમાં ૪૪૦ થી વધુ હિન્દી તેમજ મરાઠી ફિલ્મોમાં કામ કર્યું હતું.
– ફિલ્મ શોલેમાં કાલીયા અને ફિલ્મ અંદાજ આપના આપનામાં રોબર્ટનો કિરદાર ઘણો લોકપ્રિય બન્યો હતો.
– તેમનો જન્મ ૧૭ ડિસેમ્બર ૧૯૪૧ના રોજ બ્રિટિશ ભારતના બોમ્બે ખાતે થયો હતો.

**(૪) INS નિલગિરિ**

– તાજેતરમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથ સિંહે મુંબઇ ખાતે આવેલ નેવલ ડોક યાર્ડથી INS નિલગિરી નામનું જહાજ જલાવરણ કર્યું.
– INS નિલગિરી રડારની પકડમાં ન આવે તેવું દેશનું પ્રથમ જહાજ છે.
– INS નિલગિરીનું નિર્માણ પ્રોજેક્ટ 17A અંતર્ગત મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ અને ગાર્ડન રીચ શીપબિલ્ડર્સ અને ગાર્ડન રીચ શીપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.
– પ્રોજેક્ટ 17A અંતર્ગત રડારની પકડમાં ન આવે તેવી આધુનિક ટેકનૉલોજિ ધરાવતા ૭ યુદ્ધ જહાજનું નિર્માણ કરવામાં આવશે.
– આધુનિક ટેકનૉલોજિ ધરાવતા આ ૭ યુદ્ધ જહાજનું નિર્માણ શિવલિક વર્ગના યુદ્ધ જહાજની ડિઝાઇનના આધારે દેશમાં જ કરવામાં આવશે.
– INS નિલગિરી તેમનું પ્રથમ જહાજ છે જેનું નિર્માણ મુંબઇના મઝગાંવમાં થયું છે.
– આ સાથે જ કેન્દ્રીય સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથ સિંહે મુંબઇના નેવલ ડોક્યાર્ડ ખાતે નિર્માણ પામેલ The Aircraft Carrier Dock નું ઉદ્દ્ઘાટન કર્યું હતું.
– આ ડોક ભારતીય નૌસેનાનું સૌથી મોટું ડ્રાય ડોક છે જેનું રાજનાથ સિંહે આધુનિક ભારતનો મહેલ કહ્યું હતું.
– આ ડોક્યાર્ડનું નિર્માણ મોટા કદાવર અથવા નાના કદના બે યુદ્ધ જહાજનું એક સાથે મેન્ટેનન્સ થઇ શકે તેના માટે કરવામાં આવ્યું છે.

**(5) UPSC ની સ્થાપનાના ૯૩ વર્ષ**

– ૧ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ સંઘ જાહેર સેવા આયોગ (Union Public Service Commission) ની સ્થાપનાના ૯૩ વર્ષ પૂર્ણ થયા.
– આ અવસરે યુપીએસસી દ્વારા સચિવાલય ભવન ખાતે એક વિશેષ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં યુપીએસસીના પૂર્વ અધ્યાક્ષો અને સદસ્યોએ ભાગ લીધો હતો.
– તેની સ્થાપના ૧ ઓક્ટોબર ૧૯૨૬ના રોજ થઇ હતી.
– UPSC દ્વારા IAS, IFS, IPS અને અન્ય સેવાઓ માટેની પરીક્ષાનું આયોજન કરે છે.
– UPSCની સ્થાપના ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૧૫ અંતર્ગત કરવામાં આવી છે.

પ્રશ્નો

(૧) મહાત્મા ગાંધીની ૨૦૧૯માં કેટલામી જન્મજયંતિ ઉજવાઇ ?
- ૧૫૯ મી

૨ અહિંસા દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨ ઓક્ટોબર

૩ સ્વચ્છ ભારત દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨ ઓક્ટોબર

૪ ગુજરાત સરકાર દ્વારા નશાબંધી સપ્તાહનું આયોજન ક્યારે કરવામાં આવ્યું હતું ?
- ૨ ઓક્ટોબર થી ૮ ઓક્ટોબર

૫ ગુજરાત વન વિભાગ દ્વારા વન્ય જીવ સપ્તાહનું આયોજન ક્યારે કરવામાં આવ્યું હતું ?
- ૨ ઓક્ટોબર થી ૮ ઓક્ટોબર

૬ લાલ બહાદુર શાસ્ત્રીની ૨૦૧૯માં કેટલામી જન્મજયંતિ ઉજવાઇ ?
- ૧૧૫મી

૭ લાલબહાદુર શાસ્ત્રીનું સમાધિસ્થળ કયાં નામે ઓળખાય છે ?
- વિજયઘાટ

૮ મરણોત્તર ભારતરત્નથી સન્માનિત થનાર પ્રથમ વ્યક્તિ જણાવો ?
- લાલ બહાદુર શાસ્ત્રી

૯ વિજય ખોટે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ હતા ?
- અભિનેતા

૧૦ રડારની પકડમાં ન આવે તેવું દેશનું પ્રથમ યુદ્ધ જહાજ જણાવો ?
- આઇએનએસ નિલગિરી

Vivekanand Academy Gandhinagar

૧૧ યુપીએસસીની સ્થાપના ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત કરવામાં આવી છે ?

- A-315

## 3. October. 2019

**(૧) બ્રહ્મોસના ગ્રાઉન્ડ વર્ઝનનું સફળ પરીક્ષણ**

– તાજેતરમાં સુપરસોનિક ક્રૂઝ મિસાઇલ બ્રહ્મોસના ગ્રાઉન્ડ વર્ઝનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
– ઓડિશાના ચાંદીપુર ઇંટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ ખાતે આ પરીક્ષણ કરવામાં આવ્યું.
– આ મિસાઇલની રેન્જ ૨૯૦ કિલોમીટર છે.
– બ્રહ્મોસ મધ્યમ રેન્જની સુપરસોનિક ક્રૂઝ મિસાઇલ છે.
– તેનો ઉપયોગ સબમરીન, સમુદ્રી જહાજ, લડાકુ વિમાન અને જમીન પરથી કરવામાં આવે છે.
– આ મિસાઇલ રશિયાની NPO અને ભારતની ડીઆરડીઓ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવી છે.
– આ મિસાઇલનું નામ ભારતની બ્રહ્મપુત્ર નદી અને રશિયાની મોસ્કવા નદી પરથી રાખવામાં આવ્યું છે.
– બ્રહ્મોસ મિસાઈલને નવેમ્બર ૨૦૦૬માં ભારતીય સેનામાં સામેલ કરવામાં આવી હતી.

**(૨) સુરજીત ભલ્લા – IMF માં ભારતીય કાર્યકારી નિર્દેશક**

– તાજેતરમાં કેન્દ્રીય નિયુક્તી સમિતિ દ્વારા આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ – (International Monetary Fund) માં ભારતીય કાર્યકારી નિર્દેશક તરીકે સુરજીત ભલ્લાની નિમણૂક કરી.
– તેમની નિમણૂક ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે.
– તેઓ સુબીર ગોકર્ણનું સ્થાન લેશે. સુબીર ગોકર્ણ નવેમ્બર –૨૦૧૫ થી આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષમાં કાર્યરત હતા.
– સુરજીત ભલ્લા અર્થશાસ્ત્રી છે. તેમણે પ્રિન્ટસન યુનિવર્સિટી ખાતેથી અર્થશાસ્ત્રમાં પીએચડી કર્યું છે.
– IMF ની સ્થાપના ૨૭ ડિસેમ્બર ૧૯૪૫ના રોજ થઇ હતી.
– તેનું મુખ્યમથક વોશિંગ્ટન ડીસી ખાતે આવેલ છે. IMF આંતરરાષ્ટ્રીય નાણાકીય બાબતોને સરળ બનાવવાનું કાર્ય કરે છે.

**(3) આયુષ્માન ભારત મોબાઇલ એપ્લીકેશન**

– તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્લી ખાતે આયુષ્માન ભારત મોબાઇલ એપ્લીકેશન લોન્ચ કરી.
– આ અવસરે પ્રધાનમંત્રીશ્રીએ આયુષ્માન ભારત સ્ટાર્ટઅપ ગ્રેંડ ચેલેન્જનું પણ ઉદ્‌ઘાટન કર્યું.
– આયુષ્યમાન ભારત સ્ટાર્ટઅપ ગ્રેંડ ચેલેન્જ અંતર્ગત મેડિકલ ઉપકરણો, હોસ્પિટલો સેવા, ક્ષમતા નિર્માણ, ડિજિટલ સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રે કાર્ય કરવામાં આવશે.
– આયુષ્માન ભારત યોજના વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના છે.
– ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઝારખંડના રાંચી ખાતેના પ્રભાત તારા મેદાનથી આયુષ્માન ભારત યોજનાની શરૂઆત કરવામાં આવી હતી.
– હાલ સુધીમાં આ યોજના અંતર્ગત ૩ કરોડથી વધુ નાગરિકોને ઇ–કાર્ડ આપવામાં આવ્યા છે.
– આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત દેશભરના ૪૭ લાખ જેટલા લોકોએ સારવાર મેળવી છે.
– પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કેન્દ્ર સરકારની સ્વાસ્થ્ય યોજના છે જેમાં એક પરિવારને પ્રતિવર્ષ ૫ લાખ રૂપિયાનો સ્વાસ્થ્ય વીમા કવચ આપવામાં આવે છે. જેનો લાભ કોઇપણ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં મેળવી શકાય છે.
– હાલ આ યોજના દેશના ૩૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના કુલ ૪૪૪ જિલ્લામાં લાગુ છે.

**(3) રાષ્ટ્રીય સ્ટ્રીટ લાઇટ કાર્યક્રમ અંતર્ગત ૧ કરોડ એલઇડી સ્ટ્રીટ લાઇટ**

– તાજેતરમાં રાષ્ટ્રીય સ્ટ્રીટ લાઇટ કાર્યક્રમ અંતર્ગત ૨૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧ કરોડ એલઇડી સ્ટ્રીટ લાઇટ લગાવવામાં આવી.
– રાષ્ટ્રીય સ્ટ્રીટ લાઇટ કાર્યક્રમની શરૂઆત ૫ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી.
– આ કાર્યક્રમને વીજળીના ઉપયોગને ઓછો કરવા માટે શરૂ કરવામાં આવ્યો છે.
– આ કાર્યક્રમ ઉર્જા દક્ષતા સેવા લિમિટેડ દ્વારા લાગુ કરવામાં આવ્યો હતો જે કેન્દ્રીય ઉર્જા મંત્રાલય અંતર્ગત કાર્ય કરતી એક કંપની છે.

**(૪) ગુજરાત રાજ્ય ને પ્રવાસન ક્ષેત્રે ત્રણ એવોર્ડ એનાયત**

– તાજેતરમાં ભારત સરકાર દ્વારા ગુજરાત રાજ્યને પ્રવાસન ક્ષેત્રે ત્રણ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા.
– વર્ષ ૨૦૧૭–૧૮ માટે ગુજરાત રાથજ્યના ત્રણ સ્થળોને નેશનલ ટુરિઝમ એવોર્ડ એનાયત થયા છે.
– ગુજરાત રાજ્ય પ્રવાસન મંત્રી – જવાહર ચાવડા

**નેશનલ ટુરિઝમ એવોર્ડ અને પસંદ થયેલ સ્થળો**

– બેસ્ટ સિવિક મેનેજમેન્ટ ઓફ ટુરિસ્ટ ડેસ્ટિનેશન ઇન ઇન્ડિયા (એ–કેટેગરી)
: અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
– મોસ્ટ સિસ્પોન્સિબલ ટુરિઝમ પ્રોજેક્ટ ઇનિશિયેટિવ
: ધોરડો (કચ્છ)
– બેસ્ટ હેરિટેજ વોક
: અમદાવાદ હેરિટેજ વોક

પ્રશ્નો

(૧) બ્રહ્મોસ મિસાઈલનું નામ ભારતની કઇ બે નદી પરથી રાખવામાં આવ્યું છે ?

- ભારતની બ્રહ્મપુત્ર અને રશિયાની મોસ્કવા

(૨) IMF નું પુરૂનામ જણાવો ?

- International Monetary Fund
૩ IMF માં ભારતીય કાર્યકારી નિર્દેશક તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
- સુરજીત ભલ્લા
૪ વિશ્વની સૌથી મોટી સ્વાસ્થય યોજનાનું નામ જણાવો ?
- આયુષ્યમાન ભારત
૫ આયુષ્યમાન ભારત મોબાઈલ એપ્લીકેશન કોના દ્વારા લોન્ચ કરવામાં આવી ?
- નરેન્દ્ર મોદી
૬ રાષ્ટ્રીય સ્ટ્રીટ લાઈટ કાર્યક્રમની શરૂઆત કોના દ્વારા અને ક્યારે કરવામાં આવી હતી ?
- નરેન્દ્ર મોદી ૫ જાન્યુઆરી ૨૦૧૫
૭ ગુજરાત રાજયના પ્રવાસન મંત્રીનું નામ જણાવો ?
- જવાહર ચાવડા

## 4. October. 2019

**(૧) શ્યામજી કૃષ્ણ વર્મા –જન્મજયંતિ :**

– ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ક્રાંતિકારી વિચારધારાના પ્રણેતા શ્યામજી કૃષ્ણ વર્માનો જન્મદિવસ
– તેમનો જન્મ ૪ ઓક્ટોબર ૧૮૫૭ના રોજ કચ્છના માંડવીમાં થયો હતો.
– તેઓ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં સ્નાતક થયા હતા.
– તેઓ ૧૮૮૪માં બેરિસ્ટર થયા, ૧૮૮૫માં ભારત પરત ફરી શ્યામજીએ અજમેરમાં વકીલાત કરવા સાથે રતલામ અને જૂનાગઢમાં દીવાનગીરી પણ કરી હતી.
– તેમણે ભારતમાં સ્વરાજ મેળવવાના ઉદ્દેશ્યથી લંડનમાં વર્ષ ૧૯૦૫માં ધી ઇન્ડિયન હોમરૂલ સોસાયટીની સ્થાપના કરી હતી.
– તેમણે જેવી સંસ્થા સ્થાપી ભારતીય સ્વરાજ્યના વિચારોનો અને રાષ્ટ્રીય એક્તાના વિચારોનો પ્રચાર કર્યો હતો.
– તેમણે ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ સામયિકની શરૂઆત કરી હતી.
– તેમનું મૃત્યુ ૩૦ માર્ચ ૧૯૩૦ના રોજ જીનીવા ખાતે થયું હતું.
– શ્યામજી કૃષ્ણવર્માના અસ્થિ ૪ સપ્ટેમ્બરના ૨૦૦૩ના રોજ ભારતમાં લાવવામાં આવ્યા હતા.

**(૨) વિશ્વ પ્રાણી દિવસ**

– દર વર્ષે ૪ ઓક્ટોબરના રોજ વિશ્વભરમાં વિશ્વ પ્રાણી દિવસ મનાવવામાં આવે છે.
– આ દિવસની ઉજવણી વિશ્વભરમાં પ્રાણીઓના હિતો અને તેમના અધિકારો વિશે જાગરૂક્તા ફેલાવવાના ઉદ્દેશ્યથી કરવામાં આવે છે.
– આ દિવસ ફ્રાન્સના સંત ફ્રાંસિસ એસ્સીસીની યાદમાં મનાવવામાં આવે છે.

**(૩) Def expo indian-2020ની વેબસાઇટ લોન્ચ કરવામાં આવી.**

– તાજેતરમાં ૧૧માં Def expo indian-2020ની વેબસાઇટ www.defexpo.gov.in કેન્દ્રીય રક્ષામંત્રીશ્રી રાજનાથસિંહ દ્વારા લોન્ચ કરવામાં આવી.
– ૧૧માં Def expo indian-2020 નું આયોજન ઉત્તરપ્રદેશની રાજધાની લખનઉ ખાતે કરવામાં આવશે.
– આ દ્વિવર્ષીય ઇવેન્ટનું આયોજન લખનઉમાં પ્રથમ વખત ફેબ્રુઆરી ૨૦૨૦માં કરવામાં આવશે.
– ચાર દિવસીય આ ઇવેન્ટમાં ભારતીય રક્ષા ઉદ્યોગ પોતાની ક્ષમતાનું પ્રદર્શન કરશે.
– Def expo indian-2020 નું આયોજન ભારત – રક્ષા નિર્માણનું ઉભરતું હબ થીમ પર કરવામાં આવશે.
– આ દ્વિવર્ષીય ઇવેન્ટનું આયોજન લખનઉમાં પ્રથમ વખત ફેબ્રુઆરી ૨૦૨૦માં કરવામાં આવશે.
– ચાર દિવસીય આ ઇવેન્ટમાં ભારતીય રક્ષા ઉદ્યોગ પોતાની ક્ષમતાનું પ્રદર્શન કરશે.
– આ એક્સપોથી દેશના રક્ષા ઉદ્યોગ અને મેક ઇન ઇન્ડિયા પ્રોજેક્ટને પ્રોત્સાહન મળશે.
– વર્ષ ૨૦૧૮ માં ૧૦માં Def expo indian-2020 નું આયોજન ચેન્નાઇ ખાતે કરવામાં આવ્યું હતું.

**(૪) સૌથી પ્રભાવશાળી સ્વચ્છતા એમ્બેસેડર – સચિન તેંડુલકર**

– તાજેતરમાં ભારતના પૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકરને સૌથી પ્રભાવશાળી સ્વચ્છતા એમ્બેસેડર એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા.
– તેમને આ સન્માન ઇન્ડિયા ટુડે ગ્રુપ દ્વારા આયોજિત સફાઇગિરિ ૨૦૧૯ કાર્યક્રમમા એનાયત કરવામાં આવ્યું.
– સફાઇગિરિ ૨૦૧૯ ઇન્ડિયા ટુડે ગ્રુપની પહેલ છે જેમાં દેશના સૌથી સ્વચ્છ ગામ, ધાર્મિક સ્થળ, રેલવે સ્ટેશન અને સ્વચ્છ શહેરને સન્માનીત કરવામાં આવે છે.
– આ કાર્યક્રમના અંતમાં દેશના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદે ભાષણ આપ્યું હતું.
– ઇન્ડિયા ટુડે દ્વારા આયોજીત આ પાંચમો સન્માન કાર્યક્રમ હતો.

**(૫) નવી દિલ્હીથી કટારા વચ્ચે ચાલનાર વન્દે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી :**

– તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિત શાહે નવી દિલ્લીથી કટારા વચ્ચે ચાલનાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપી રવાના કરાવી.
– થોડા સમયે અગાઉ ભારતીય રેલવે દ્વારા ઉત્તર રેલવે ઝોનમાં વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.
– વન્દે ભારત એક્સપ્રેસ આ અંતર માત્ર ૮ કલાકમાં પૂર્ણ કરશે.
– ટ્રેન ૧૮ નામથી જાણીતી વન્દે ભારત એક્સપ્રેસ ટ્રેન ભારતની પ્રથમ સેમી હાઇસ્પીડ ટ્રેન છે.
– પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ નવી દિલ્હી રેલવે સ્ટેશનથી દેશની સૌથી ઝડપી ટ્રેન 'વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેનને લીલી ઝંડી આપી હતી.

Vivekanand Academy Gandhinagar

- આ ટ્રેન ૧૬૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ચાલી શકે છે.
- આ ટ્રેનનું નિર્માણ 'મેક ઇન ઇન્ડિયા' અંતર્ગત ચેન્નાઇ ખાતે આવેલ ઇંટિગ્રલ કોચ ફેક્ટરી ખાતે કરવામાં આવ્યું છે.
- આ ટ્રેનના નિર્માણમાં ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

**(૬) ભારત અને કઝાકિસ્તાન વચ્ચે સૈન્ય અભ્યાસ – KAZIND-2019**

- ઉત્તરાખંડના પિથોરાગઢ ખાતે ભારત અને કઝાકિસ્તાન વચ્ચે સૈન્ય અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ અભ્યાસને KAZIND-2019 નામ આપવામાં આવ્યું છે.
- આ યુદ્ધ અભ્યાસમાં બંને દેશોની સેનાઓ આતંકવાદ વિરોધી ઓપરેશન માટે પર્વતીય વિસ્તારમાં સંયુક્ત રીતે અભ્યાસ કરશે.

**(૭) પર્યટન પર્વ –૨૦૧૯**

- તાજેતરમાં કેન્દ્રીય પર્યટન મંત્રાલય દ્વારા ૨ થી ૧૩ ઓક્ટોબર ૨૦૧૯ દરમ્યાન પર્યટન પર્વ ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું.
- આ પર્વમાં દેશના નાગરિકોને દેશના અલગ અલગ પર્યટન સ્થળે યાત્રા કરવા માટે પ્રેરિત કરવામાં આવશે.
- પર્યટન પર્વ ૨૦૧૯ મહાત્મા ગાંધીની ૧૫૦ મી જન્મજયંતિને સમર્પિત છે.
- આ પર્વના માધ્યમથી દેખો અપના દેશ સંદેશને પ્રચારિત કરવામાં આવશે.

પ્રશ્નો :

૧ શ્યામજી કૃષ્ણ વર્માનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?
- ૪ ઓક્ટોબર ૧૮૫૭ માંડવી (કચ્છ)

૨ શ્યામજી કૃષ્ણ વર્માએ કયા સામયિક ની શરૂઆત કરી હતી ?
- ઈન્ડિયન સોશિયોલોજીસ્ટ

૩ વિશ્વ પ્રાણી દિવસ ક્યારે ઉજવાય છે ?
- ૪ ઓક્ટોબર

૪ Def expo indian-2020 ની વેબસાઇટ કોના દ્વારા લોન્ચ કરવામાં આવી ?
- રાજનાથ સિંહ

૫ Def expo indian-2020 નું આયોજન કઈ થીમ પર કરવામાં આવશે ?
- ભારત – રક્ષા નિર્માણનું ઉભરતું હબ

૬ સૌથી પ્રભાવશાળી સ્વચ્છતા એમ્બેસેડર એવોર્ડથી કોને સન્માનીત કરાયા ?
- સચિન તેંડુલકર

૭ ટ્રેન – ૧૮નું બીજું નામ જણાવો ?
- વન્દે ભારત – એક્સપ્રેસ

## 5. October. 2019

**(૧) વિશ્વ શિક્ષક દિવસ :**

- દર વર્ષે ૫ ઓક્ટોબરના રોજ વિશ્વ શિક્ષક દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી વિશ્વના નિર્માણમાં શિક્ષકનું મહત્વ અને શિક્ષકો દ્વારા કરવામાં આવતા પડકારોના સામના પર લોકોનું ધ્યાન ખેચવા માટે કરવામાં આવે છે.
- ભારતમાં રાષ્ટ્રીય શિક્ષક દિવસ ૫ સપ્ટેમ્બરના રોજ મનાવવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૯ ની થીમ : "Young teachers " The Future of the Profession"

**(૨) રેપો રેટમાં ઘટાડો – ભારતીય રિઝર્વ બેન્ક :**

- તાજેતરમાં ભારતીય રિઝર્વ બેન્કની નાણાંનીતિ સમિતિએ રેપો રેટમાં ઘટાડો કર્યો.
- આરબીઆઇ ગવર્નર શક્તિકાંત દાસની અધ્યક્ષતામાં ૬ સભ્યોની સમિતિએ રેપોરેટને ૫.૧૫% રાખવાનું નક્કી કર્યું. જે અગાઉ ૫.૪૦% હતો.
- આ રેપો રેટ છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી નીચો છે.
- આ સાથે જ રેવર્સ રેપો રેટ ૪.૯૦% કરવામાં આવ્યો જે અગાઉ ૫.૧૫% હતો.
- ભારતીય રિઝર્વ બેન્ક જીડીપી વિકાસ દરનો અનુમાન ૬.૯ % થી ઘટાડીને ૬.૧% રાખ્યો છે.

**રેપોરેટ :**

- દેશની અન્ય વેપારી બેન્કોને ટૂંકા ગાળા માટે નાણાંની જરૂર પડે છે ત્યારે તેઓ આરબીઆઇ પાસેથી નાણું લે છે. જે દર પર આરબીઆઇ વેપારી બેન્કોને નાણું આપે છે તેને રેપોરેટ કહે છે.
- Repo rate એટલે Repurchase Rate
- ફુગાવાના સમયે સામાન્ય રીતે આરબીઆઇ રેપો રેટમાં વધારો કરે છે. જ્યારે મંદીના સમયે આરબીઆઇ રેપો રેટમાં ઘટાડો કરે છે.

**રિવર્સ રેપો રેટ**

- જ્યારે આરબીઆઇને ટૂંકા ગાળા માટે નાણાંની જરૂર પડે છે ત્યારે તે વેપારી બેન્કો પાસેથી નાણું લે છે જે દર પર આરબીઆઇ વેપારી બેન્કો પાસેથી નાણું લે છે તેને રિવર્સ રેપો રેટ કહે છે.

**રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા :**

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ)ની સ્થાપના ૧ એપ્રિલ ૧૯૩૫ના રોજ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા એક્ટ ૧૯૩૪ અંતર્ગત થઇ હતી.
- શરૂઆતના વર્ષોમાં આરબીઆઇ ખાનગી બેંક તરીકે કાર્યરત હતી બાદમાં વર્ષ ૧ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.
- આરબીઆઇ ભારતની મધ્યસ્થ બેંક છે તે દેશની તમામ બેન્કોનું સંચાલન કરે છે.
- આરબીઆઇનું મુખ્યમથક મુંબઇ ખાતે આવેલ છે.

Vivekanand Academy Gandhinagar

– આરબીઆઇના પ્રથમ ગવર્નર – સર ઓસ્બ્રોન સ્મિથ હતા.
– આરબીઆઇના પ્રથમ ભારતીય ગવર્નર – સી.ડી. દેશમુખ
– આરબીઆઇના વર્તમાન ગવર્નર શક્તિકાંત દાસ છે. તેઓ આરબીઆઇના ૨૫માં ગવર્નર તરીકે ૧૨ ડિસેમ્બર ૨૦૧૮ થી આ પદ પર છે.

**(૩) મોરેશિયસ માં મેટ્રો સેવા અને ENTહોસ્પિટલનું ઉદ્ઘાટન**

– તાજેતરમાં ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રવિંદ જગન્નાથ દ્વારા સંયુક્ત રૂપે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી મોરેશિયસમાં મેટ્રો સેવા અને ENTહોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું.
– ભારત અને મોરેશિયસ વચ્ચે વર્ષ ૨૦૧૬માં મોરિશસ ખાતે પાંચ પરિયોજનાઓના વિકાસ માટે ૩૫૩ મિલિયન ડૉલરના વિશેષ પેકેજ પ્રદાન કરવા માટે કરાર કરવામાં આવ્યા હતા.
– આગામી સમયમાં ભારતની આર્થિક મદદથી મોરિશસમાં ૧૦૦૦ આવાસ અને સર્વોચ્ચ ન્યાયલય ભવનનું નિર્માણ કરવામાં આવશે.
– મોરેશિયસ હિન્દ મહાસાગરમાં આવેલ એક ટાપુ દેશ છે જે ૨૦૪૦ વર્ગ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવે છે.
– મોરિશસની રાજધાની પોર્ટ લુઇસ છે.

**(૪) ઇન્ડિયા ઇકોનોમિક સમિટ – વર્લ્ડ ઇકોનોમિક ફોરમ :**

– વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દ્વારા દેશની નવી દિલ્લી ખાતે ૩ અને ૪ ઓક્ટોબર ૨૦૧૯ દરમ્યાન ઇન્ડિયા ઇકોનોમિક સમિટનું આયોજન કરવામાં આવ્યું.
– આ આયોજન કોન્ફરેન્સ ઓફ ઈન્ડિયન ઇન્ડસ્ટ્રી (CII) સાથે મળી કરવામાં આવ્યું હતું.
– આ સમિટમાં દક્ષિણ એશિયા અને આસિયાન દેશોએ સહયોગ વધારવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.
– આ સમિટમાં બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના અને સીંગાપુરના ઉપ પ્રધાનમંત્રી હેંગ સ્વી કીટ અધ્યક્ષ સ્થાને હતા.
– સમિટમાં ૪૦ દેશોના ૮૦૦ થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.
– ઇન્ડિયા ઇકોનોમિક સમિટનું આયોજન Innovating India : Strengthening South Asia, Impacting the world થીમ પર કરવામાં આવ્યું હતું.

**વર્લ્ડ ઇકોનોમિક ફોરમ :**

– વર્લ્ડ ઇકોનોમિક ફોરમ આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.
– તેની સ્થાપના વર્ષ ૧૯૭૧માં ક્લાઉસ શ્વાવ દ્વારા સાર્વજનિક સહયોગથી વિશ્વની નાણાકિય સ્થિતિમાં સુધાર કરવાના હેતુથી કરવામાં આવી હતી.
– તેનું મુખ્યાલય જીનીવા ખાતે આવેલ છે.

**(૫) દેશની પ્રથમ ખાનગી ટ્રેન– તેજસ એક્સપ્રેસ**

– દેશની પ્રથમ ખાનગી ટ્રેન તેજસ એક્સપ્રેસને લખનૌ ખાતેથી ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથે લીલી ઝંડી આપી રવાના કરાવી.
– આ ટ્રેન લખનૌ – દિલ્લી વચ્ચે અઠવાડિયાના ૬ દિવસ દોડશે. આ ટ્રેનનું સંચાલન ખાનગી કંપની IRCTC દ્વારા કરવામાં આવશે.
– IRCTC ભારતીય રેલવેની પેટા કંપની તરીકે ટ્રેનનું સંચાલન કરશે.
– તેજસ એક્સપ્રેસ દેશની એવી પ્રથમ ટ્રેન છે જેનું સંચાલન કોઇ ખાનગી કંપની દ્વારા કરવામાં આવશે.
– IRCTC-Indian Railway Catering and Tourism Corporation

પ્રશ્નો :

૧ વિશ્વ શિક્ષક દિવસ ક્યારે મનાવાય છે ?
- ૫ ઓક્ટોબર

૨ રાષ્ટ્રીય શિક્ષક દિવસ ક્યારે મનાવાય છે ?
- ૫ સપ્ટેમ્બર

૩ આરબીઆઇના પ્રથમ ભારતીય ગર્વનર કોણ હતા ?
- સી.ડી. દેશમુખ

૪ મોરિશસની રાજધાની જણાવો ?
- પોર્ટ લુઇસ

૫ વર્લ્ડ ઇકોનોમિ ફોરમનું મુખ્યમથક ક્યાં આવેલું છે ?
- જીનીવા

૬ દેશની પ્રથમ ખાનગી ટ્રેનનું નામ જણાવો ?
- તેજસ એક્સપ્રેસ

## 6. October. 2019

**(૧) NEFT સેવા ડિસેમ્બરથી ૨૪ કલાક ઉપલબ્ધ :**

– ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાના હેતુથી રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા NEFT ને ૨૪ કલાક ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો.
– અગાઉ ગ્રાહક સવારે ૮ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી જ NEFT મારફતે નાણાંકીય વ્યવહાર કરવાની મંજૂરી મળતી હતી.
– આ સુવિધા દર મહિનાના અને ચોથા શનિવારે ઉપલબ્ધ હોતી નથી જે હવેથી ૭ દિવસ અને ૨૪ કલાક આ સેવા મળશે.

NEFT

- NEFT નું પુરૂનામ National Electronic Funds Transfer છે.
– આ ઇલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર સિસ્ટમની શરૂઆત નવેમ્બર ૨૦૦૫માં કરવામાં આવી હતી.
– NEFT ના માધ્યમથી બેન્કના ગ્રાહક બીજી કોઇપણ બેન્કના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરી શકે છે.

Vivekanand Academy Gandhinagar

**(૨) MSME ઉદ્યોગ એકમોને પણ સૌરઉર્જાનો લાભ મળે તે માટે નવી નીતિ**

- તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા સૌર ઉર્જા ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટેની સૌર પોલિસીનો વ્યાપ વધારવામાં આવ્યો.
- રાજ્ય સરકાર દ્વારા ગુજરાતનાં MSME ઉદ્યોગ એકમોને પણ સૌર ઉર્જાનો લાભ મળે તે માટે MSME ઉદ્યોગ એકમોને મંજૂર થયેલ ઇલેક્ટ્રીક લોડના ૧૦૦% થી વધુ ક્ષમતાનો સોલર એનર્જી પ્લાન્ટ સ્થાપવાની છૂટ આપવામાં આવી છે. જે અગાઉ મંજૂર થયેલ ઇલેક્ટ્રીક લોડના ૫૦% સુધીની જ મંજૂરી હતી.
- MSME ઉદ્યોગ એકમોને પોતાની જમીન કે જગ્યા પર સૌર ઉર્જાનું ઉત્પાદન કરવા બદલ પોતાની જગ્યા પર યુનિટ દીઠ રૂા. ૩.૮૦ રૂપિયા અને ભાડાઇ જગ્યા પર ૨.૭૫ રૂપિયાનો ફાયદો થશે.
- MSME ઉદ્યોગ એકમો પોતાના વપરાશ બાદની સૌરઉર્જા ગ્રીડમાં આપશે તો વીજ કંપની પ્રતિ યુનિટ ૧.૭૫ રૂપિયા ભાવે ખરીદશે.
- MSME- Micro, Small and Medium Enterprises

**(૩) રાજ્યના દિવ્યાંગો સાથે સંવાદ – મુખ્યમંત્રી સાથે મોકળા મને**

- તાજેતરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પોતાના નિવાસસ્થાને મુખ્યમંત્રી સાથે મોકળા મને કાર્યક્રમનું આયોજન કર્યુ હતું.
- મુખ્યમંત્રી સાથે મોકળા મને કાર્યક્રમનું આ ત્રીજું આયોજન હતું. જેમાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના દિવ્યાંગો સાથે સંવાદ કર્યા હતા.
- આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ દિવ્યાંગો માટે મહત્વની જાહેરાત કરી જે નીચે મુજબ છે.
- રાજ્યના દિવ્યાંગો માટે અલગથી દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવશે.
- હાલમાં રાજ્યમાં જિલ્લાના મુખ્ય મથક કે અમદાવાદ સિવિલ હોસ્પિટલથી મળતું દિવ્યાંગ પ્રમાણપત્ર હવેથી રાજ્યના અલગ અલગ જિલ્લાની ૨૨ મેડિકલ કોલેજોમાંથી પણ મળશે.
- રાજ્યમાં દિવ્યાંગ વેલ્ફેર કમિશનરની નિમણૂક કરવામાં આવશે.
- રાજ્યમાં હાલ દિવ્યાંગોને વ્યક્તિદીઠ દસ હજાર રૂપિયા દિવ્યાંગ સાધન સહાય રૂપે આપવામાં આવે છે જે વધારે વિસ હજાર કરવામાં આવશે.

**(૪) સર્પદંશ વ્યવસ્થાપન વર્કશોપ – ગાંધીનગર**

- તાજેતરમાં ગુજરાતના ગાંધીનગર ખાતે સૌ પ્રથમ વખત સર્પદંશ વ્યવસ્થાપન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ વર્કશોપનું ઉદ્‌ઘાટન રાજ્યના મંત્રી ગણપતભાઇ વસાવાએ કર્યું હતું.
- વર્કશોપ દરમ્યાન કવનમંત્રીએ કરેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાના સર્પદંશ સંશોધન કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે.
- આ સંશોધન કેન્દ્રમાં સર્પના ઝેરમાંથી દવા બનાવવામાં આવશે.
- આ સંશોધન કેન્દ્ર દેશનું બીજું સર્પદંશ સંશોધન કેન્દ્ર બનશે.
- દેશનું પ્રથમ સર્પદંશ સંશોધન કેન્દ્ર ચેન્નાઇ ખાતે આવેલ છે.

પ્રશ્નો

૧ BOU ની NEFT હવે રોજના કેટલા ઉપલબ્ધ ટાઇમ માટે ઉપલબ્ધ રહેશે ?

- ૨૪ કલાક

૨ NEFT નું પુરૂનામ જણાવો ?

- National Electronic Funds Transfer

૩ MSME નું પુરૂનામ જણાવો ?

- Micro, Small and Medium Enterprises

૪ સૌપ્રથમ સર્પદંશ વ્યવસ્થાપન વર્કશોપ નું આયોજન કયાં જિલ્લામાં કરવામાં આવ્યું હતું ?

- ગાંધીનગર

## 7. October. 2019

**(૧) વિશ્વ કપાસ દિવસ :**

- વિશ્વભરમાં ૭ ઓક્ટોબરના રોજ વિશ્વ કપાસ દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ સંયુક્ત રાષ્ટ્ર, વિશ્વ ખાદ્ય સંગઠન, સંયુક્ત રાષ્ટ્ર વ્યાપાર સંમેલન, આંતરરાષ્ટ્રીય વ્યાપાર કેન્દ્ર અને આંતરરાષ્ટ્રીય કપાસ સલાહકાર સમિતિ દ્વારા મનાવાય છે.
- આ વર્ષે પ્રથમ વખત આ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

**(૨) ગ્લોબલ ડેવલોપમેન્ટ સેન્ટર –ગુજરાત :**

- તાજેતરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ મહેસાણા જિલ્લાના કડી ખાતે ગ્લોબલ ડેવલોપમેન્ટ સેન્ટરનો શુભારંભ કરાવ્યો.
- ગુજરાત ડેવલપમેન્ટ સેન્ટરનો પ્રારંભ જહોન્સન કન્ટ્રોલ્સ અને હિટાચી એર કંડીશનીંગ દ્વારા કરવામાં આવ્યો છે.
- જહોન્સન કન્ટ્રોલ્સ અને હિટાચી એર કંડીશનીંગ દ્વારા સ્થપાયેલ આ ભારતનું પ્રથમ અને વિશ્વનું ચોથા ક્રમનું ગ્લોબલ ડેવલોપમેન્ટ સેન્ટર છે.
- અગાઉ જહોન્સન કન્ટ્રોલ્સ અને હિટાચી એર કંડીશનીંગ દ્વારા જાપાનમાં બે અને ચીનમાં એક સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે.
- આ સેન્ટરથી ગુજરાતના અને દેશના એન્જીનીયરોને વિદેશી ટેકનોલોજીની તાલીમ આપવામાં આવશે.
- સેન્ટરમાં રીસર્ચ, પ્રોડક્ટ ડેવલોપમેન્ટ, ઇનોવેશન જેવા ક્ષેત્રમાં કાર્ય કરવામાં આવશે.

Vivekanand Academy Gandhinagar

**(૩) બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીનાની ભારત મુલાકાત :**

- તાજેતરમાં બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના ભારતની મુલાકાતે આવ્યા હતા.
- તેમની આ મુલાકાત દરમિયાન ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ૭ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.
- જેમાં સંસ્કૃતિ, શિક્ષણ, દરિયાઇ સુરક્ષા જેવા ક્ષેત્રનો સમાવેશ થાય છે.
- આ મુલાકાત દરમ્યાન ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીનાએ ભારત અને બાંગ્લાદેશના ત્રણ સંયુક્ત પ્રોજેક્ટને લોન્ચ કર્યા.
- બાંગ્લાદેશથી ભારતમાં રાંધણગેસ આયત કરતો પ્રોજેક્ટ :
- Bangladesh India Professional Skill Development Institute ની સ્થાપના કરતો પ્રોજેક્ટ
- બાંગ્લાદેશના ઢાંક ખાતે આવેલ સ્વામી રામકૃષ્ણ મિશનમાં સ્વામી વિવેકાનંદ ભવનના નિર્માણનો પ્રોજેક્ટ

**ભારત– બાંગ્લાદેશ સંબંધ :**

- બાંગ્લાદેશએ દક્ષિણ એશિયામાં આવેલું ભારતનું મહત્વનું પાડોશી રાષ્ટ્ર છે.
- બાંગ્લાદેશનો ઉદ્ભવ વર્ષ ૧૯૭૧માં થયો છે. તેના પહેલાં તે પૂર્વ પાકિસ્તાનનો ભાગ હતો.
- ઐતિહાસિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ બંને રાષ્ટ્રો એકમેકથી જોડાયેલા છે અને સમાન સાંસ્કૃતિક વારસો ધરાવે છે.
- ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સરહદ અને સરહદ પરથી ભારતમાં થતી લોકોની ઘૂસણખોરી જેવી કેટલીક સમસ્યાઓ હોવા છતાં એકંદરે બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધો મિત્રતાપૂર્ણ રહ્યા છે.
- ભારતે બાંગ્લાદેશ સાથે સારા પડોશી તરીકેના સંબંધો જાળવી રાખ્યા છે. ભારતે બાંગ્લાદેશને પાણી, વિજળી તેમજ આંતર માળખાકીય સુવિધાઓના વિકાસ માટે યોગ્ય સહકાર આપી બંને રાષ્ટ્રો વચ્ચેના દ્વિપક્ષી સંબંધોને મજબૂત કરવા પ્રયત્ન કર્યો છે.
- તાજેતરમાં વર્ષ ૨૦૧૫માં ભારતના વડાપ્રધાને બાંગ્લાદેશની મુલાકાત લઇ તેની સાથે વિવિધ કરારો દ્વારા સંબંધોને મજબૂત કરવા પ્રયત્ન કર્યો હતો.
- છેલ્લા કેટલાક સમયથી બંને રાષ્ટ્રો વચ્ચેના દ્વિપક્ષી વેપારમાં પણ નોંધપાત્ર વધારો થયો છે તેમજ બંને રાષ્ટ્રોદ આતંકવાદ જેવી ભયાનક વૈશ્વિક સમસ્યાનો સાથે મળીને સામનો કરવા સહમત થયાં છે.
- તાજેતરમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં ગુણાત્મક સુધારો થયો છે. બાંગ્લાદેશમાં ભારતના કેટલાક લોકો ચોક્કસ વિસ્તાર (એન્કલેવ) માં ભારતમાં બાંગ્લાદેશના કેટલાક લોકો ચોક્કસ વિસ્તારમાં વસવાટ કરતા હતા.
- આ અંગે પરસ્પર વાટાઘાટો ઘણા લાંબા સમયથી ચાલતી હતી અને છેવટે તેનું શાંતિમય સમાધાન કરવામાં આવ્યું.
- ૩૧ જુલાઇ ૨૦૧૫ના રોજ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સરહદક્ષેત્રે પ્રવર્તતી એન્કલેવ (પોતાના દેશની અંદર વિદેશી સત્તાનો મુલક)ની સમસ્યાનો ઉકેલ લાવવામાં આવ્યો છે.
- બાંગ્લાદેશમાં રહેલા ૧૧૧ ભારતીય એન્કલેવ અને ભારતમાં રહેલા ૫૧ બાંગ્લાદેશી એન્કલેવનું આદાન પ્રદાન કરવામાં આવ્યું.

**(૪) સ્વચ્છ રેલવે સ્વચ્છ ભારત ૨૦૧૯ – ભારતીય રેલવે :**

- તાજેતરમાં ભારત સરકારના રેલવે મંત્રાલય દ્વારા સ્વચ્છ રેલવે સ્વચ્છ ભારત ૨૦૧૯ નામનો રેલવે સ્વચ્છતા રિપોર્ટ જાહેર કર્યો.
- આ રિપોર્ટ કેન્દ્રીય રેલવે અને વાણિજ્ય તથા ઉધોગ મંત્રી પિયુષ ગોયેલ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો.
- આ રિપોર્ટ અનુસાર રાજસ્થાનનું જયપુર રેલવે સ્ટેશન ભારતનું સૌથી વધુ સ્વચ્છ રેલવે સ્ટેશન છે.
- રાજસ્થાનનું જોધપુર અને રાજસ્થાનનું જ દુર્ગાપુર રેલવે સ્ટેશન રિપોર્ટમાં અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- આ રિપોર્ટ અનુસાર ગુજરાતનું ઉધના રેલવે સ્ટેશન ભારતભરમાં સોળમાં ક્રમે છે.
- આ રિપોર્ટમાં ગુજરાતનું સુરત ૧૮માં સ્થાને વડોદરા ૯૦માં સ્થાને અમદાવાદ ૨૦૨માં સ્થાને અને રાજકોટ ૨૧૯માં સ્થાને છે.
- આ રિપોર્ટ અનુસાર ઝોન રેન્કિંગમાં ઉત્તર પશ્ચિમ રેલવે ઝોન પ્રથમ સ્થાને છે.
- ભારતીય રેલવે દ્વારા સ્વચ્છ રેલવે સ્વચ્છ ભારત સ્લોગન અંતર્ગત સર્વેનો પ્રારંભ વર્ષ ૨૦૧૬માં કરવામાં આવ્યો હતો.

પ્રશ્નો

૧ વિશ્વ કપાસ દિવસ ક્યારે મનાવાય છે ?
- ૭ ઓક્ટોબર

૨ વિજયભાઇ રૂપાણીએ ગ્લોબલ ડેવલોપમેન્ટ સેન્ટરનો શુભારંભ ક્યાંથી કરાવ્યો હતો ?
- કડી, મહેસાણા

૩ બાંગ્લાદેશના પ્રધાનમંત્રીનું નામ જણાવો ?
- શેખ હસીના

૪ રેલવે મંત્રાલય દ્વારા કયા નામનો સ્વચ્છતા રિપોર્ટ જારી કરાયો હતો ?
- સ્વચ્છ રેલવે સ્વચ્છ ભારત ૨૦૧૯

## 8. October. 2019

**(૧) રાષ્ટ્રીય વાયુસેના દિવસ – ૮ ઓક્ટોબર :**

- ભારતમાં દર વર્ષે ૮ ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય વાયુસેના દિવસ ઉજવવામાં આવે છે.

- આ દિવસ વાયુસેનાના સ્થાપના દિવસ નિમિત્તે ઉજવવામાં આવે છે.
- વાયુસેનાની સ્થાપના ૮ ઓક્ટોબર ૧૯૩૨ના રોજ થઇ હતી.
- આ વર્ષે વાયુસેનાના ૮૭માં સ્થાપના દિન નિમિત્તે ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ ખાતે આવેલ હીંડન એરબેઝ ખાતે વાયુસેનાના લડાકુ વિમાનની પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ કાર્યક્રમ દરમ્યાન વાયુસેનાના તેજસ, મિગ-૨૧ સહિતના વિમાનો અને અપાચે અને ચિનુક વિમાને દેશની તાકાતનું પ્રદર્શન કર્યું હતું.
- પરડે દરમ્યાન કાર્યક્રમમાં વાયુસેનાના નવા વડા રાકેશકુમાર સિંહ ભદોરીયા હાજર રહ્યા હતા.
- તેમણે પાકિસ્તાન પર બાળકોટ સ્ટ્રાઇક કરનાર ૯ મી સ્કવોડ્રન અને પાકિસ્તાનના F-16 ને તોડી પાડનાર ૫૧મી સ્કવોડ્રન અને ૬૦૧ સિગ્નલ યુનિટને સન્માનીત કર્યા હતા.

**(૨) MSME ઉદ્યોગ એકમોને મંજૂરી લીધા વિના ઉત્પાદન કરવાની છૂટ – ગુજરાત**

- તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલ મંત્રીમંડળની બેઠકમાં રાજ્યના MSME ઉદ્યોગ એકમોને વિવિધ મંજૂરી લીધા વિના ઉત્પાદન કરવાની છૂટ આપવામાં આવી.
- સરકારશ્રી દ્વારા આ નિર્ણય MSME ઉદ્યોગના વિકાસ માટે લેવામાં આવ્યો છે.
- આ નિર્ણય અંતર્ગત ગુજરાતનાં MSME ઉદ્યોગની સ્થાપના સંચાલન માટેની મજૂરીઓમાંથી ત્રણ વર્ષ સુધી છૂટ આપવામાં આવી છે.
- આ પ્રકારની છૂટ આપનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.
- આ ઉપરાંત રાજ્યમાં MSME ઉદ્યોગની સ્થાપના માટે બે નોડલ એજન્સીની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી.
- જેમાં જિલ્લા કક્ષાએ ડિસ્ટ્રીક્ટ ઇન્ડસ્ટ્રીઝ સેન્ટર અને રાજ્યકક્ષાએ ઇન્વેસ્ટર ફેસિલિટેશન એજન્સીની સ્થાપના કરવામાં આવશે.

**(૩) હિમવિજય :**

- તાજેતરમાં ભારતીય સેના દ્વારા અરૂણાચલ પ્રદેશમાં ચીનની સરહદ નજીક પર્વતીય વિસ્તારમાં યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું.
- આ યુદ્ધ અભ્યાસનું નામ હિમવિજય રાખવામાં આવ્યું છે.
- ભારતીય સેના દ્વારા દેશના પૂર્વોત્તર રાજ્યમાં યોજાયેલ આ પ્રથમ યુદ્ધ અભ્યાસ છે.
- અરૂણાચલના તવાંગ નજીક ૧૪૦૦૦ ફૂટની ઊંચાઇ પર યોજાયફેલ આ અભ્યાસ ભારતીય સેનાનો સૌથી મોટો પર્વતીય યુદ્ધ અભ્યાસ છે.
- આ અભ્યાસનું પ્રથમ ચરણનું આયોજન ૭ થી ૧૦ ઓક્ટોબર દરમ્યાન કરવામાં આવી રહ્યું છે તેના બીજા ચરણનું આયોજન ૨૦ થી ૨૪ ઓક્ટોબર ૨૦૧૯ દરમ્યાન કરવામાં આવશે.
- આ અભ્યાસમાં ઇન્ટીગ્રેટેડ બેટલ ગ્રૂપ્સનો પ્રયોગ કરવામાં આવ્યો છે જેમાં ભૂમિદળ ટોપખાનું અને હવાઇ સુરક્ષા જેવી ક્ષમતાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- અભ્યાસમાં ભારતીય સેનાના ૧૨૦૦૦ જેટલા સૈનિકો ભાગ લઇ રહ્યા છે.

**(૪) ગોવા મેરીટાઇમ કોન્કલેવ – અજિત ડોવાલ**

- તાજેતરમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારશ્રી અજિત ડોવાલે ગોવા મેરીટાઇમ કોન્કલેવનું ઉદ્ઘાટન કર્યું.
- આ કોન્કલેવનું આયોજન 'Common Maritime Priorities in IOR and need for Regional Maritime Strategy' થીમ પર કરવામાં આવ્યું છે.
- આ કોન્કલેવનો મુખ્ય ઉદ્દેશ્ય સમુદ્રી પડકારોનો સામનો કરવા માટે હિન્દ મહાસાગર ક્ષેત્રમાં નૌસેનાની ક્ષમતામાં વધારો કરવાનો છે.
- હિન્દ મહાસાગર ક્ષેત્રમાં ટીન, સોનું, યુરેનિયમ, એલ્યુમિનિયમ, નિકલ જેવા પદાર્થો વધારે માત્રામાં મળી રહે છે.
- ભારતનું ૭૦% તેલ આ ક્ષેત્રમાંથી આવે છે.
- આ ક્ષેત્રમાં આતંકવાદ અને સમુદ્રી લૂટારૂની સમસ્યા દૂર કરવા માટે આ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રશ્નો

૧ રાષ્ટ્રીય વાયુસેના દિવસ ક્યારે મનાવાય છે ?
- ૮ ઓક્ટોબર

૨ વાયુસેનાના નવા વડાનું નામ જણાવો ?
- રાકેશકુમાર સિંહ ભદોરિયા

૩ કયા રાજ્યમાં MSME ઉદ્યોગ એકમોને મંજુરી લીધા વિના ઉત્પાદન કરવાની છૂટ આપવામાં આવી ?
- ગુજરાત

૪ ભારતીય સેના દ્વારા અરૂણાચલમાં પર્વતીય વિસ્તારમાં યુદ્ધ અભ્યાસ થયો તેનું નામ જણાવો ?
- હિમ વિજય

૫ ૧૪૦૦૦ ફૂટની ઉંચાઇ પર યોજાયેલ સૌથી મોટા પર્વતીય યુદ્ધ અભ્યાસનું નામ જણાવો ?
- હિમ વિજય

૬ ગોવા મેરીટાઇમ કોન્કલેવનું ઉદ્ઘાટન કોણે કર્યુ ?
- અજિત ડોવાલે

## 9. October. 2019

**(૧) વિશ્વ અંતરિક્ષ સપ્તાહ :**

- દર વર્ષે વિશ્વભરમાં ૪ થી ૧૦ ઓક્ટોબર દરમ્યાન વિશ્વ અંતરિક્ષ સપ્તાહનું આયોજન કરવામાં આવે છે.

– આ વર્ષે વિશ્વ અંતરિક્ષ સપ્તાહનું આયોજન 'The Moon : Gateway to the Stars."' થીમ પર કરવામાં આવ્યું છે.
– ૪ ઓક્ટોબર ૧૯૫૭ના રોજ પ્રથમ વખત માનવ નિર્મિત ઉપગ્રહ સ્પૂતનિકને લોન્ચક કરવામાં આવ્યો હતો.
– તેને સોવિયત સંઘ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો. તેની યાદમાં આ સપ્તાહ ઉજવવામાં આવે છે ?

**(૨) વિશ્વ ટપાલ દિવસ :**

– દર વર્ષે ૯ ઓક્ટોબરના રોજ વિશ્વભરમાં વિશ્વ ટપાલ દિવસ મનાવવામાં આવે છે.
– આ દિવસની ઉજવણી સ્વિત્ઝર્લેન્ડના બર્ન ખાતે આવેલ પોસ્ટલ યુનિયનના સ્થાપના દિવસ નિમિત્તે કરવામાં આવે છે.
– તેની સ્થાપના વર્ષ ૧૮૭૪માં કરવામાં આવી હતી.
– વર્ષ ૧૯૬૯માં જાપાનના ટોક્યો ખાતે યોજાયેલ યુનિવર્સલ પોસ્ટલ યુનિયન સંમલન દરમ્યાન દર વર્ષે ૯ ઓક્ટોબરના રોજ વિશવ ટપાલ દિવસ મનાવવાની ઘોષણા કરવામાં આવી હતી.
– આ દિવસ ઉજવલા અંગેનો પ્રસ્તાવ ભારતીય દળના સદસ્ય આનંદ મોહન દ્વારા મૂકવામાં આવ્યો હતો.

**યુનિવર્સલ પોસ્ટલ યુનિયન :**

– યુનિવર્સલ પોસ્ટલ યુનિયન સંયુક્ત રાષ્ટ્ર અંતર્ગત કાર્ય કરતું સંગઠન છે.
– આ સંગઠન તેના સભ્યદેશોમાં ટપાલ સેવા અંગેની નીતિઓના સમન્વય અંગે કાર્ય કરે છે.
– હાલ આ સંગઠનના ૧૯૨ સદસ્ય દેશ છે.
– યુનિવર્સલ પોસ્ટલ યુનિયન વિશ્વનું બીજું સૌથી જૂનું આંતરરાષ્ટ્રીય સંગઠન છે.
– વિશ્વનું સૌથી જૂનું આંતરરાષ્ટ્રીય સંગઠન આંતરરાષ્ટ્રીય દૂરસંચાર સંઘ છે.

**(૩) INS તરકશ જહાજ ફ્રાન્સના રિયુનિયન આઇલેન્ડ પર**

– તાજેતરમાં ભારતીય નાસનાનું આઇએનએસ તરકશ જહાજ ફ્રાન્સના રિયુનિયન આઇલેન્ડ પર પહોચ્યું.
– ભારતીય નૌસેના દ્વારા નિયમિત રૂપે પોતાના જહાજ મિત્ર રાષ્ટ્રો સાથેના સંબંધને મજબૂત બનાવવા મોકલવામાં આવે છે.
– INS તરકશ તલવાર શ્રેણીનું ફ્રીગેટ છે. તેનું નિર્માણ રશિયાના કલીનીનગ્રાદ ખાતે કરવામાં આવ્યું છે.
– ભારતીય નૌસેનામાં તેને નવેમ્બર ૨૦૧૨માં કમિશન કરવામાં આવ્યું હતું.

**(૪) ઇ–દંત સેવા :**

– તાજેતરમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ઇ–દંત સેવા લોન્ચ કરવામાં આવી.
– આ પહેલ રાષ્ટ્રીય મૌખિક સ્વાસ્થ્ય કાર્યક્રમ (National Health Program) અંતર્ગત લોન્ચ કરવામાં આવી છે.
– આ પહેલ અંતર્ગત લોકોને મૌખિક સ્વાસ્થ્યના મહત્વ વિશે આપવામાં આવશે.
– દેશમાં પ્રથમ રાષ્ટ્રીય મૌખિક સ્વાસ્થ્ય નીતિ (National Health Program) ૧૯૮૬માં લોન્ચ કરવામાં આવી હતી.
– દેશનો પ્રથમ રાષ્ટ્રીય મૌખિક સ્વાસ્થ્ય કાર્યક્રમ વર્ષ ૧૯૯૯માં લૉન્ચ કરાવમાં આવ્યો હતો.
– વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૨ દરમ્યાન ૧૧ મી પંચવર્ષીય યોજના અંતર્ગત રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય મિશન અંતર્ગત મૌખિક સ્વાસ્થ્ય ક્ષેત્રે સંશોધન માટે વિશેષ ભંડોળ ફાળવવામાં આવ્યું હતું.
– મૌખિક સ્વાસ્થ્ય ક્ષેત્રે સુધારા અને વિકાસ માટે ૧૨મી પંચવર્ષીય યોજના અંતર્ગત કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય મૌખિક સ્વાસ્થ્ય સેલની સ્થાપના કરવામાં આવી હતી.

**(૫) વિશ્વ કવિ સંમેલન – ભુવનેશ્વર :**

– તાજેતરમાં ઓડિશાની રાજધાની ભુવનેશ્વર ખાતે ૩૯માં વિશ્વ કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.
– કવિતાઓ દ્વારા સહાનુભૂતિ થીમ પર યોજાયેલ આ સંમેલનનું આયોજન કલિંગા ઔદ્યોગિક ટેક્નોલોજી સંસ્થાનમાં કરવામાં આવ્યું છે.
– ૩૯માં વિશ્વ કવિ સંમેલનની આ થીમ કવિતાઓ દ્વારા વિશ્વમાં શાંતિ અને ભાઇચારાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી રાખવામાં આવી છે.
– આ સંમેલનમાં દેશના ઉપરાષ્ટ્રપતિશ્રી વેંકૈયા નાયડુ અને ઓડિશાના મુખ્યમંત્રીશ્રી નવીન પટનાયક જોડાયા હતા.
– વિશ્વ કવિ સંમેલનની શરૂઆત વર્ષ ૧૯૬૯માં થઇ હતી તેનું પ્રથમ આયોજન ફિલિપિન્સના મનીલા ખાતે થયું હતું.
– આ આયોજન વિશ્વ કલા અને સંસ્કૃતિ અકાદમી દ્વારા કરવામાં આવે છે.

પ્રશ્નો

| | |
|---|---|
| ૧ | વિશ્વ અંતરીક્ષ સપ્તાહનું આયોજન ક્યારે કરવામાં આવે છે ? |
| - | ૪ થી ૧૦ ઓક્ટોબર |
| ૨ | સૌપ્રથમ માનવ નિર્મિત ઉપગ્રહનું નામ જણાવો ? |
| - | સ્પુટનિક |
| ૩ | વિશ્વ ટપાલ દિવસ ક્યારે મનાવાય છે ? |
| - | ૯ ઓક્ટોબર |
| ૪ | વિશ્વનું સૌથી જુનું આંતરરાષ્ટ્રીય સંગઠન જણાવો ? |
| - | આંતરરાષ્ટ્રીય દૂર સંચાર સંઘ |
| ૫ | આઈએનએસ તરકશ કઈ શ્રેણીનું જહાજ છે ? |
| - | તલવાર |
| ૬ | ઈ- દંત સેવા ક્યા મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવી ? |
| - | કેન્દ્રિય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય |
| ૭ | ૩૯માં વિશ્વ કવિ સંમેલનનું આયોજન ક્યાં થયું હતું ? |

Vivekanand Academy Gandhinagar

- ભુવનેશ્વર

**10. October. 2019**

**(૧) રાષ્ટ્રીય ટપાલ દિવસ – ૧૦ ઓક્ટોબર**

**(૨) વિશ્વ માનસિક આરોગ્ય દિવસ**

- દર વર્ષે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) દ્વારા ૧૦ ઓક્ટોબર વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ મનાવવામાં આવે છે
- વિશ્વભરમાં માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓની જાગરૂકતા વધારવા અને માનસિક સ્વાસ્થ્યના સમર્થનમાં પ્રયત્નો કરવાના ઉદ્દેશ્યથી આ દિવસ મનાવવામાં આવે છે.
- આ વર્ષે આ દિવસની ઉજવણી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન, ઇન્ટરનેશનલ સુસાઇડ પ્રિવેન્શન એસોસિએશન અને યુનાઇટેડ ફોર ગ્લોબલ મેન્ટલ હેલ્થ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૯ થીમ – Mental Health Promotion and Suicide Prevention

**(૨) માર્શલ અર્જુનસિંહના સન્માનમાં ટપાલ ટિકિટ :**

- તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ભારતીય વાયુસેનાના માર્શલ અર્જુનસિંહના સન્માનમાં ટપાલ ટિકિટ જાહેર કરવામાં આવી.
- આ ટિકિટ ભારતીય વાયુસેનાના નવી દિલ્લી ખાતે યોજાયેલ એટ હોમ કાર્યક્રમ દરમ્યાન જાહેર કરવામાં આવી.
- માર્શલ અર્જુનસિંહનો જન્મ ૧૫ એપ્રિલ ૧૯૧૯ના રોજ લાયલપુર (હાલ પાકિસ્તાનમાં) ખાતે થયો હતો.
- તેમનું નિધન સપ્ટેમ્બર ૨૦૧૭માં નવી દિલ્લી ખાતે થયું.
- માર્શલ અર્જુનસિંહને વર્ષ ૧૯૩૮-૩૯મા રૉયલ એર ફોર્સના એમ્પાયર પાયલોટ પ્રશિક્ષણ કોર્સ માટે પસંદ કરવામાં આવ્યા હતા.
- ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ દિલ્લીના લાલ કિલ્લા ઉપર તેમણે ૧૦૦ થી વધુ વિમાનોના ફ્લાઇ પાસ્ટનું નેતૃત્વ કર્યું હતું.
- વર્ષ ૧૯૬૪ થી ૧૯૬૯ દરમ્યાન તેઓ ભારતીય વાયુસેનાના પ્રમુખ રહ્યા હતા.
- વર્ષ ૧૯૬૬માં તેમને એર ચીફ માર્શલ રેન્ક એનાયત કરવામાં આવ્યો હતો. તેઓ આ રેન્ક પ્રાપ્ત કરનાર પ્રથમ વ્યક્તિ છે.
- વર્ષ ૧૯૬૯માં ભારતીય વાયુસેના માથી સેવા નિવૃત થયા બાદ તેઓએ સ્વિટ્ઝર્લેન્ડ ખાતે ભારતીય રાજદૂત તરીકે સેવા આપી હતી.
- ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૨મા તેમને માર્શલ ઓફ ધ ઇન્ડિયન એરફોર્સ રેન્ક પ્રદાન કરવામાં આવ્યો હતો.
- તેઓ ભારતીય વાયુસેનાના પ્રથમ અને એકમાત્ર ફાઇવ સ્ટાર રેન્ક ધરાવતા અધિકારી છે.
- તેમના સન્માનમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં પશ્ચિમ બંગાળના પાનાગઢ એરફોર્સ બેઝનું નામ બદલવી એરફોર્સ સ્ટેશન અર્જુનસિંહ રાખવામાં આવ્યું હતું.
- ભારત સરકાર દ્વારા તેમને પદ્મ વિભૂષણ, જનરલ સર્વિસ મેડલ ૧૯૪૭, સમર સેવા મેડલ, રક્ષા મેડલ, સૈન્ય સેવા મેડલ, બુર્મા સ્ટાર, ઇન્ડિયન સર્વિસ મેડલ જેવા સન્માન આપવામાં આવ્યા છે.

**(૩) ભારતનું પ્રથમ રાફેલ ફાઇટર વિમાન**

- તાજેતરમાં ભારતીય વાયુસેનાના ૮૭માં સ્થાપના દિવસ નિમિત્તે ફ્રાન્સની દસોલ્ટ એવિએશન કંપની દ્વારા ભારતનું પ્રથમ રાફેલ ફાઇટર વિમાન રક્ષા મંત્રીશ્રી રાજનાથ સિંહને સુપરત કરવામાં આવ્યું.
- ભારતના રક્ષામંત્રી રાજનાથ સિંહે ફ્રાન્સના મેરીનેક પ્રાંતમાં આવેલ દસોલ્ટ એવિએશનના પ્લાન્ટ ખાતે પ્રથમ રાફેલ પર 'ઓમ' લખી તેની પુજા કરી હતી.
- ત્યારબાદ રક્ષામંત્રીએ રાફેલની ઉડાનભરી હતી તેમની સાથે ફ્રાન્સના પાઇલટ ફિલિપ ડશોટે દ્વારા આ વિમાન ઉડાવ્યું હતું.
- આ વિમાનને ભારતીય વાયુસેનાના વડા રાકેશકુમાર સિંહ ભાદોરીયાના નામ પરથી RBOO1 નામ આપવામાં આવ્યું છે.
- રાફેલ ફ્રાન્સનું બે એન્જીન ધરાવતું મલ્ટીસેલ ફાઇટર વિમાન છે.
- આ વિમાન મિલીઅર અને સ્કાલ્પ મિસાઇલથી સજ્જ છે. જેનો ઉપયોગ હવામાંથી હવા અને જમીન પર પ્રહાર કરવામાં થાય છે.
- રાફેલ વિમાન ૨૪૫૦૦ કિલો સુધીનો વજન લઇ જવા સક્ષમ છે.
- રાફેલની ડિઝાઇન અને તેનું નિર્માણ ફ્રાન્સની દસોલ્ટ એવિએશન કંપની દ્વારા કરવામાં આવ્યું છે.
- વર્ષ ૨૦૧૫માં ભારતીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા તેમની ફ્રાન્સ મુલાકાત ફ્રાન્સ પાસેથી ૩૬ રાફેલ વિમાન લેવાની જાહેરાત કરવામાં આવી હતી.
- રાફેલ વિમાનની ખરીદી માટે વર્ષ ૨૦૧૬માં ભારત અને ફ્રાન્સ વચ્ચે કરાર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ કરાર પર સપ્ટેમ્બર ૨૦૧૬માં ભારતના તાત્કાલિક રક્ષામંત્રી સ્વ. શ્રી મનોહર પારિકર અને ફ્રાન્સના જિન યવેસ લે ડ્રીઆન દ્વારા ઇન્ટર ગવર્મેન્ટલ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- ફ્રાન્સની દસોલ્ટ એવિએશન કંપની ભારતને માર્ચ ૨૦૨૦ સુધીમાં પ્રથમ ચાર અને સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીમાં તમામ ૩૬ રાફેલ વિમાન સોંપશે.

પ્રશ્નો

૧ રાષ્ટ્રીય ટપાલ દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૦ ઓક્ટોબર

૨ વિશ્વ માનસિક આરોગ્ય દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૦ ઓક્ટોબર

૩ એર માર્શલ રેન્ક પ્રાપ્ત કરનાર પ્રથમ વ્યક્તિ જણાવો ?
- માર્શલ અર્જુનસિંહ

૪ માર્શલ અર્જુનસિંહને ભારત દ્વારા કયા વર્ષમાં માર્શલ ઓફ ધ ઈન્ડિયન રેન્ક પ્રદાન કરવામાં આવ્યો હતો ?

- ૨૦૦૨

## 11. October. 2019

**(૧) આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ :**

- વિશ્વભરમાં દર વર્ષે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૧૧ ઓક્ટોબરના રોજ આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ બાલિકાઓના અધિકારો વિશે જાગરૂક્તા ફેલાવવા અને તેના શિક્ષણ, પોષણ, સ્વાસ્થય સુવિધાઓ અને કાનૂની અધિકારોના સંરક્ષણ કરવાના ઉદ્દેશ્યથી મનાવવામાં આવે છે.
- આ દિવસ પ્રથમ ઉજવણીની શરૂઆત વર્ષ ૨૦૧૨ થી કરવામાં આવી હતી.

**(૨) સુમન યોજના (સુરક્ષિત માતૃત્વ આશ્વાસન યોજના)**

- તાજેતરમાં કેન્દ્રીય મંત્રીશ્રી ડૉ. હર્ષવર્ધન દ્વારા સુમન યોજના (સુરક્ષિત માતૃત્વ આશ્વાસન યોજના ) લોન્ચ કરવામાં આવી.
- આ યોજના અંતર્ગત ગર્ભવતી મહિલાઓને નિશુલ્ક દવાઓ પ્રદાન કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત ડિલિવરી થયા બાદના ૬ મહિના સુધી મહિલા અને તેના બાળકને મફતમાં સ્વસ્થ્ય સેવાઓનો લાભ આપવામાં આવશે.
- આ યોજના અંતર્ગત મહિલાઓને આયર્ન ફોલિક એસિડ સપ્લિમેન્ટ અને ઘરથી હોસ્પિટલ સુધીનું મફતથ પરિવન આપવામાં આવશે.
- દેશભરમાં માતૃત્વ મૃત્યુદર અને શિશુ મૃત્યુ દરમાં ઘટાડો કરવાના ઉદ્દેશ્યથી આ યોજના લોન્ચ કરવામાં આવી છે.

**(૩) કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને પેન્સરોના રાહત ભથ્થામાં વધારો**

- તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને પેન્સરોના રાહત ભથ્થામાં ૫%નો વધારો કરવામાં આવ્યો.
- આ સાથે મોંઘવારી ભથ્થું ૧૨% થી વધુને ૧૭% થયો.
- કેન્દ્રીય કેબિનેટ દ્વારા લેવામાં આવેલ આ નિર્ણય ૧ જુલાઇ ૨૦૧૯ થી લાગુ થશે.
- આ નિર્ણયથી કેન્દ્ર સરકારની તિજોરી પર વર્ષે આશરે ૧૬૦૦૦ કરોડનો બોજ પડશે.
- દેશમાં કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે ૧ જાન્યુઆરી અને ૧ જુલાઇથી અમલમાં આવે તે રીતે બે વકહત મોંઘવારી ભથ્થામાં વધારો કરવામાં આવે છે.

**(૪) નોબલ પરિતોષિક – ૨૦૧૯**

- તાજેતરમાં વર્ષ ૨૦૧૯ના નોબલ પરિતોષિક વિજેતાઓની યાદી જાહેર કરવામાં આવી.
- છ ક્ષેત્રમાં આપવામાં આવતા નોબલ પરિતોષિક માટે વિશ્વભરના ૧૪ વિજેતાઓની પસંદગી કરવામાં આવી છે.
- આ પરિતોષિક સ્વીડનના રસાયણશાસ્ત્રીશ્રી આલ્ફ્રેડ નોબેલની યાદમાં દર વર્ષે આપવામાં આવે છે.
- તેની શરૂઆત આલ્ફ્રેડ નોબેલ દ્વારા વર્ષ ૧૮૯૫માં કરવામાં આવી હતી.
- સૌ પ્રથમ વખત વર્ષ ૧૯૦૧માં પાંચ ક્ષેત્રેમાં આ પરિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, સાહિત્ય, શાંતિ, ચીકીત્સાનો સમાવેશ થયો હતો.
- વર્ષ ૧૯૬૯ થી આ પરિતોષિક અર્થશાસ્ત્ર ક્ષેત્રે પણ આપવામાં આવે છે.
- નોબેલ પરિતોષિક વિજેતાઓને એક ગોલ્ડ મેડલ, પ્રમાણપત્ર અને રોકડ રકમ આપવામાં આવે છે.
- આ પરિતોષિક દર વર્ષે સ્વીડનની રાજધાની સ્ટોકહોમ ખાતે એક સમારોહ દરમ્યાન આપવામાં આવે છે.
- શાંતિ ક્ષેત્રે આપવામાં આવતો પરિતોષિક નોર્વેની રાજધાની ઓસ્લો ખાતે આપવામાં આવે છે.

**વર્ષ ૨૦૧૯ના નોબલ પારિતોષિક વિજેતાઓ**

| **પારતોષિક** | **વિજેતા** | **દેશ** |
|---|---|---|
| ભૌતિકશાસ્ત્ર | માઇકલ મેયર | સ્વિત્ઝર્લેન્ડ |
| ભૌતિકશાસ્ત્ર | ડીડીયર ક્વેલોઝ | સ્વિત્ઝર્લેન્ડ |
| ભૌતિકશાસ્ત્ર | જેમ્સ પિબ્લ્સ | કેનેડા |
| રસાયણશાસ્ત્ર | જ્હોન બી ગૂડનફ | જર્મની |
| રસાયણશાસ્ત્ર | એસ. સ્ટિન્લ વ્હીટિંગહમ | બ્રિટન |
| રસાયણશાસ્ત્ર | અકીરા યોશીનો | જાપાન |
| સાહિત્ય | પીટર હેંડકે | ઓસ્ટ્રીયા |
| શાંતિ | અબી અહેમદ | ઇથીયોપિયા |
| ચીકીત્સા | વિલિયમ જી કેલિન | અમેરિકા |
| ચીકીત્સા | પીટર જે રેડક્લીફ | બ્રિટન |
| ચીકીત્સા | ગ્રેગ એલ.સેમેગ્ઝા | અમેરિકા |
| અર્થશાસ્ત્ર | અભિજિત બેનર્જી (મૂળ ભારતીય) | અમેરિકા |
| અર્થશાસ્ત્ર | એસ્થર ડફ્લો | ફ્રાન્સ |
| અર્થશાસ્ત્ર | માઇકલ ક્રેમર | અમેરિકા |

**નોબલ પારિતોષિક વિજેતાઓ ભારતીય**

| **વિજેતા** | **વર્ષ** | **ક્ષેત્ર** |
|---|---|---|
| રવિન્દ્રનાથ ટાગોર | ૧૯૧૩ | સાહિત્ય |
| સીવી રામન | ૧૯૩૦ | ભૌતિકશાસ્ત્ર |
| મધર ટેરેસા | ૧૯૭૯ | શાંતિ |
| અમર્ત્યે સેન | ૧૯૯૮ | અર્થશાસ્ત્ર |
| કૈલાશ સત્યાર્થ | ૨૦૧૪ | શાંતિ |

રવિન્દ્રનાથ ટાગોર આ પારિતોષિક જીતનાર પ્રથમક ભારતીય અને પ્રથમ એશિયન વ્યક્તિ છે.

પ્રશ્નો

૧ આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૧ ઓક્ટોબર
૨ સુમન યોજનાનું પુરૂનામ જણાવો ?
- સુરજિત માતૃત્વ આશ્વાસન યોજના
૩ સુમન યોજના કોના દ્વારા લોન્ચ કરવામાં આવી ?
- કેન્દ્રીય મંત્રી ડૉ. હર્ષવર્ધન
૪ કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થા ૧૨% થી વધારીને કેટલું થયું ?
- ૧૭ ટકા
૫ નોબેલ પારિતોષિક ૨૦૧૯માં કેટલાની પસંદગી કરવામાં આવી છે ?
- ૧૪
૬ આલ્ફ્રેડ નોબલ ક્યાંના વતની હતા ?
- સ્વીડન

## 12. October. 2019

**(૧) ચીનના રાષ્ટ્રપતિશ્રી શી જિનપિંગનો ભારત પ્રવાસ :**

- તાજેતરમાં ચીનના રાષ્ટ્રપતિશ્રી શી જિનપિંગ પોતાના બે દિવસીય ભારત પ્રવાસ પર આવ્યા હતા.
- તેમની આ મુલાકાત દરમ્યાન ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને શી જિનપિંગ વચ્ચે ચેન્નાઇના મહાબલીપુરમ્ ખાતે મંત્રણા થઇ હતી.
- આ મંત્રણા દરમ્યાન બંને નેતાઓ વચ્ચે આતંકવાદ અને ધાર્મિક કટ્ટરતા વિરૂદ્ધ સામે સહયોગ આપવા સહમતી થઇ હતી.
- વર્ષ ૨૦૨૦માં ભારત અને ચીનના રાજનૈતિક સંબંધોના ૭૦ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે.
- વર્ષ ૨૦૨૦માં બંને દેશો વચ્ચે પોતાના સંબંધોનો ૭૦ મી વર્ષ ગાઢ નિમિત્તે ૨૦૨૦ને Year of India China Cultural And People Exchanges તરીકે ઉજવવા કરાર થયા છે.
- ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને શી જિનપિંગે મહાબલીપુરમ્ ખાતે આવેલ અર્જુનની તસ્થળી, પાંચ રથ અને શોર મંદિરની મુલાકા લીધી હતી.
- આ મુલાકાત દરમ્યાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ મહાબલીપુરમના દરિયા કિનારે પ્લાસ્ટિક સહિતના કચરા વીણી સફાઇ કરી હતી.

**ભારત – ચીન સંબંધો :**

- ભારત – ચીન સંબંધોમાં અનેક ચઢાવ– ઉતાર પણ આવ્યા છે. ૧૯૫૦ના દસકામાં ભારત અને ચીનના સંબંધો એકંદરે સારા રહ્યા હતા. વર્ષ ૧૯૫૪માં બંને રાષ્ટ્રોએ પરસ્પરના વ્યવહાર અને સંબંધોમાં પંચશીલના સિદ્ધાંતો સ્વીકાર્યા હતા. બંને રાષ્ટ્રો શાતિ અને વિકાસની સહિયારી શોધમાં ભાઇચારાના સંબંધો નિભાવવા આતુર હતા પરંતુ વર્ષ ૧૯૬૨ના ભારત અને ચીન યુદ્ધની ઘટનાઓ બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોમાં કડવાશ જન્માવી ત્યારબાદ બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધો નિરંતર સુરતા રહ્યાં છે. તાજેતરમાં ચીનની પ્રમુખ શી ઝીનપીંગની ભારતની સફળ મુલાકાત થી બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોને મજૂબત બનાવવા માટે હકારાત્મક વાતાવરણનું સર્જન થયું છે.

**(૨) બીએસ – ૬ વાહનોનું વેચાણ ૧ એપ્રિલ ૨૦૨૦ થી**

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં બીએસ–૬ વાહનોનું વેચાણ ૧ એપ્રિલ ૨૦૨૦ થી કરી શકવાની જાહેરાત કરવામાં આવી.
- દેશમાં પ્રદૂષણ ઘટાડવાના ઉદ્દેશ્યથી સુપ્રીમ કોર્ટ દ્વારા અગાઉના સમયમાં એપ્રિલ ૨૦૨૦ થી બીએસ – ૪ વાહનના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો.
- બીએસ–૪ એન્જિન કરતાં બીએસ –૬ એન્જિનવાળા વાહનોમાં વપરાતું ઇંધણ ઓછું પ્રદૂષણ ફેલાવશે.
- બીએસ – ભારત સ્ટેજ એમીશન સ્ટાન્ડર્ડ
- ભારત સ્ટેજ એમિશન સ્ટાન્ડર્ડ ભારત સરકાર દ્વારા સ્થાપવામાં આવેલ વાહનોના એન્જિનમાંથી નીકળતા પ્રદૂષણને નિયંત્રિત કરવાનો એક માપદંડ છે જેની શરૂઆત વર્ષ ૨૦૦૦ માં થઇ હતી.
- જેનો ઉદ્દેશ્ય વાહનો દ્વારા ઉત્સર્જિત કરવામાં આવતા પ્રદૂષણને નિયંત્રિત કરવાનો છે. તેના માપદંડ અને સમય સીમા કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નિશ્ચિત કરવામાં આવે છે.
- તે યુરોપિયન રેગ્યુલેશન પર આધારિત છે.
- દેશમાં બીએસ –૪ નિયમ એપ્રિલ ૨૦૧૭માં લાગુ થયો હતો.

**(3) વૈશ્વિક પ્રતિસ્પર્ધા રીપોર્ટ – ૨૦૧૯**

- તાજેતરમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દ્વારા વૈશ્વિક પ્રતિસ્પર્ધા રિપોર્ટ ૨૦૧૯ જાહેર કરવામાં આવ્યો.
- આ રિપોર્ટમાં કુલ ૧૪૧ દેશોને સ્થાન મળ્યું છે.
- આ રિપોર્ટમાં સિંગાપુર પ્રથમ સ્થાને, બીજા સ્થાને અમેરિકા અને ત્રીજા સ્થાને હોંગકોંગ છે.
- આ અગાઉ પ્રસિદ્ધ થયેલ રિપોર્ટ મુજબ ભારત ૬૮માં સ્થાને છે, વર્ષ ૨૦૧૮માં ભારત ૫૮માં સ્થાને હતું. જ્યારે વર્ષ ૨૦૧૭માં ભારતનું સ્થાન ૪૦મું હતું.
- વૈશ્વિક પ્રતિસ્પર્ધા રિપોર્ટ ૨૦૧૯માં ૧૪૧માં સ્થાને છે.

પ્રશ્નો

૧ ચીનના રાષ્ટ્રપતિનું નામ જણાવો ?
- શી જિનપિંગ
૨ બીએસ-૬ વાહનોનું વેચાણ ક્યારથી શરૂ થશે ?
- ૧ એપ્રિલ ૨૦૨૦
૩ બીએસનું પુરૂનામ જણાવો ?
- ભારત સ્ટેજ એમીશન સ્ટાન્ડર્ડ
૪ વૈશ્વિક પ્રતિસ્પર્ધા રિપોર્ટ-૨૦૧૯ પ્રમાણે ભારતનું સ્થાન જણાવો ?
- ૪૦ મું

Vivekanand Academy Gandhinagar

૫ વૈશ્વિક પ્રતિસ્પર્ધા રિપોર્ટ-૨૦૧૯ પ્રમાણે પ્રથમ સ્થાને કયો દેશ છે ?

- સિંગાપુર

## 13. October. 2019

**(૧) આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ :**

- દર વર્ષે ૧૩ ઓક્ટોબરના રોજ આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ વિશ્વની આપત્તિના જોખમ ઘટાડવા અંગે જાગૃતિ ફેલાવવા માટે ઉજવવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૯ થીમ – Reduce disaster damage to critical infrastructure and disruption of basic services

**(૨) રાજ્ય ઊર્જા મંત્રીઓનું બે દિવસીય રાષ્ટ્રીય સંમેલન :**

- તાજેતરમાં ગુજરાત રાજ્યના કેવડિયા ખાતે આવેલ સ્ટેચ્યુ ઓફ યુનિટીના ટેન્ટીસીટી ખાતે દેશના અલગ અલગ રાજ્યના ઊર્જા મંત્રીઓના બે દિવસીય રાષ્ટ્રીય સંમેલનનું આયોજન થયું હતું.
- આ સંમેલનનું ઉદ્દ્ઘાટન રાજ્ય ઉર્જા મંત્રી આર.કે. સિંહ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ સંમેલનમાં દેશના અલગ અલગ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ઉર્જા મંત્રીઓએ ભાગ લીધો હતો.
- સંમેલનમાં ગુજરાતના ઉર્જામંત્રી સૌરવ પટેલ દ્વારા આપવામાં આવેલ માહિતી અનુસાર દેશના તમામ રાજ્યોની વીજ વિતરણ કંપનીઓના રેન્કિંગમાં ૨૦૧૭–૧૮માં ગુજરાતની ચાર વીજ વિતરણ કંપનીઓ પ્રથમ સ્થાને રહી હતી.
- આ સંમેલનનું આયોજન સ્વચ્છ ઉર્જાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યું હતું.
- આ સંમેલનમાં ઊર્જા સંબંધિત સરકારી યોજનાઓ, પવન ઉર્જા, સૌર ઉર્જા જેવા વિવિધ ક્ષેત્રે ચર્ચા કરવામાં આવી હતી.

**(૩) ૧૧ મી મહિલા વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશીપ :**

- તાજેતરમાં રશિયાના ઊલાન– ઉદે ખાતે ૧૧ મહી મહિલા વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશીપ ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ ચેમ્પિયનશીપમાં ભારત ૧ સિલ્વર અને ૩ બ્રોન્ઝ સાથે નવમાં સ્થાને રહ્યું.
- ૧૧ મી મહિલા વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશીપ ૨૦૧૯માં ૩ ગોલ્ડ સહિત ૬ મેડલ સાથે રશિયા પ્રથમ સ્થાને રહ્યું.
- આ ચેમ્પિયનશીપમાં ભારતની મંજુ રાનીએ સિલ્વર મેડલ જીત્યો.
- તેણે લાઇફ ફલાયવેઇટ ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- મંજુ રાનીએ પ્રથમ વખત જ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ભાગ લીધો હતો તેઓ પ્રથમ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં સિલ્વર જીતનાર બીજા ભારતીય ખેલાડી છે.
- પ્રથમ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં સિલ્વર મેડલ જીતનાર પ્રથમ ખેલાડી એમ.સી. મેરી કોમ છે.
- મંજુ રાની હરિયાણાના વતની છે.
- આ ચેમ્પિયનશીપમાં એમ.સી મેરી કોમે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- આ સાથે જ તેમણે ક્યુબાના ફિલક્સ સાવોનનો રેકોર્ડ તોડ્યો.
- મેરી કોમ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશીપમાં મહિલા અને પુરૂષ બંને ઇવેન્ટમાં સૌથી વધુ મેડલ ૮ મેડલ જીતનાર વિશ્વના પ્રથમ બોક્સર બની ગયા છે.
- વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશીપમાં મેરી કોમે જીતેલ મેડલમાં ૬ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.
- મેરી કોમનું પુરુનામ ચુંગનિઝઝંગ મેરી કોમ હંગતે છે. તેમનો જન્મ મણિપુરના કન્ગાથેડ ખાતે થયો હતો.
- તેઓ વર્ષ ૨૦૧૬ થી રાજ્યસભાના સભ્ય છે તેમની નિમણૂક પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા કરવામાં આવી હતી.
- ભારત સરકાર દ્વારા તેમને રમત ગમત ક્ષેત્રે યોગદાન બદલ વર્ષ ૨૦૦૩માં અર્જુન એવોર્ડ, વર્ષ ૨૦૦૬માં પદ્મશ્રી અને વર્ષ ૨૦૧૩ પદ્મભૂષણ સન્માન આપવામાં આવ્યું છે.

પ્રશ્નો

૧ આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ ક્યારે મનાવાય છે ?

- ૧૩ ઓક્ટોબર

૨ રાજ્ય ઉર્જા મંત્રીનું નામ જણાવો ?

- આર.કે. સિંહ

૩ ગુજરાતના ઉર્જામંત્રીનું નામ જણાવો ?

- સૌરવ પટેલ

૪ ૧૧ મી મહિલા વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયન શીપ-૨૦૧૯નું આયોજન ક્યાં થયું હતું ?

- રશિયાના ઉલાન

૫ મંજુ રાની કયાં રાજ્યના વતની છે ?

- હરિયાણા

## 14. October. 2019

**(૧) વિશ્વ માનક દિવસ – ૧૪ ઓક્ટોબર**

**(૨) 'ફોર્બ્સ ઇન્ડિયા રિચ લિસ્ટ – ૨૦૧૯'**

- તાજેતરમાં ફોર્બ્સ મેગેઝિન દ્વારા ' ફોર્બ્સ ઇન્ડિયા રિચ લિસ્ટ ૨૦૧૯' જાહેર કરવામાં આવ્યું.
- આ યાદીમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી ૫૧.૪ અરબ ડોલર સંપત્તિ સાથે પ્રથમ સ્થાને છે.
- તેઓ છેલ્લા ૧૨ વર્ષથી આ યાદીમાં પ્રથમ સ્થાને છે.
- આ યાદીમાં ગૌતમ અદાણી ૧૫.૭ અરબ ડોલર સંપત્તિ સાથે બીજા સ્થાને છે.
- યાદીમાં ત્રીજા સ્થાને હિંદુઝા બ્રધર્સ છે.
- આ યાદીમાં અનુક્રમે ચોથા અને પાંચમા સ્થાને પ્લાલોનજી મિસ્ત્રી અને ઉદય કોટક છે.

Vivekanand Academy Gandhinagar

- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની સ્થાપના વર્ષ ૧૯૭૭માં ધીરૂભાઇ અંબાણી દ્વારા કરવામાં આવી હતી.
- હાલ ૪૭% શેર સાથે મુકેશ અંબાણી કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે.
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ વર્ષ ૨૦૧૭માં ફોર્ચ્યુન ગ્લોબલની ૫૦૦ કંપનીની સૂચિમાં ૨૦૩મું સ્થાન ધરાવે છે.

**'ફોર્બ્સ ઇન્ડિયા રિચ લિસ્ટ – ૨૦૧૯'**

- તાજેતરમાં ભારત અને અમેરિકા વચ્ચે સંયુક્ત યુદ્ધ અભ્યાસ વજ પ્રહારની અમેરિકાના સીએટલ ખાતે શરૂઆત થઇ.
- આ અભ્યાસનું આયોજન બંને દેશોના વિશેષ દળો વચ્ચે આતંકવાદ વિરોધી ઓપરેશનના અભ્યાસ માટે કરવામાં આવે છે.
- આ અભ્યાસમાં ભારતીય સેનાનું પ્રતિનિધિત્વ દક્ષિણ કમાન્ડની સ્પે. ફોર્સ દ્વારા કરવામાં આવ્યું છે.

**(૩) રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવ :**

- તાજેતરમાં મધ્યપ્રદેશના જબલપુર ખાતે રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવની શરૂઆત થઇ.
- ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા કરવામાં આવેલ આ મહોત્સવનું આયોજન ૧૪ થી ૨૧ ઓક્ટોબર ૨૦૧૯ દરમ્યાન કરવામાં આવ્યું છે.
- આ મહોત્સવનું આયોજન એક ભારત શ્રેષ્ઠ ભારત કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૧૫ થી દર વર્ષે કરવામાં આવે છે.
- આ મહોત્સવમાં ભારતની સમૃદ્ધ સંસ્કૃતિક વિરાસતનું પ્રદર્શન કરવામાં આવે છે.
- જેમાં હસ્તકલા, ચિત્રકલા, લોકકલા, મૂર્તિકલા વગેરેનો સમાવેશ થાય છે.
- આ મહોત્સવનો ઉદ્દેશ્ય દેશના અલગ અલગ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે સંસ્કૃતિ સમજ વધારવાનો અને દેશની એકતા અને અખંડિતતાને મજબુત કરવાનો છે.

**એક ભારત શ્રેષ્ઠ ભારત**

- આ પહેલની ઘોષણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઓક્ટોબર ૨૦૧૪માં શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની જન્મજયંતિના અવસરે કરવામાં આવી હતી.

**આ પહેલના મુખ્ય હેતુ –**

- ભારતની એકતા અને વિવિધતા પર ફોક્સ
- રાષ્ટ્રીય એકીકરણની ભાવનાનું પ્રોત્સાહન
- દેશના વિવિધ રાજ્યો વચ્ચે પરસ્પરિક સમજને પ્રોત્સાહન

પ્રશ્નો

૧ વિશ્વ માનક દિવસ ક્યારે મનાવાય છે ?

- ૧૪ ઓક્ટોબર

૨ ફોર્બ્સ ઇન્ડિયા રિચ લિસ્ટ-૨૦૧૯ અનુસાર સૌથી ધનિક વ્યક્તિ જણાવો ?

- મુકેશ અંબાણી

૩ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના કયા વર્ષમાં થઇ હતી ?

- ૧૯૭૭

૪ 'વ્રજ પ્રહાર યુદ્ધ અભ્યાસ' કયાં બે દેશો વચ્ચે યોજાયો હતો ?

- ભારત અને અમેરિકા

૫ રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવની શરૂઆત ક્યાં થઇ હતી ?

- મધ્યપ્રદેશના જબલપુર ખાતે

૬ એક ભારત શ્રેષ્ઠ ભારત પહેલ કોના દ્વારા અને ક્યારે શરૂ કરવામાં આવી હતી ?

- નરેન્દ્ર મોદી

## 15. October. 2019

**(૧) આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ :**

- દર વર્ષે ૧૫ ઓક્ટોબરના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ મનાવવામાં આવે છે.
- ગ્રામીણ મહિલાની મહત્વપૂર્ણ ભૂમિકા અને તેમના યોગદાનને સન્માન આપવાના ઉદ્દેશ્યથી આ દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ નિમિતે ગ્રામીણ કૃષિ, વિકાસ, ખાદ્ય સુરક્ષા જેવા ક્ષેત્રમાં મહિલાઓના યોગદાનને હાઇલાઇટ કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી અંગેનો પ્રસ્તાવ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ડિસેમ્બર ૨૦૦૭માં મંજુર કરવામાં આવ્યો હતો.
- પ્રથમ આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસની ઉજવણી વર્ષ ૨૦૦૮માં કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૯ થીમ – Rural women and girls building climatge resilience

**(૨) ડૉ. અબ્દુલ કલામ – જન્મજયંતિ :**

- ભારતના ૧૧માં રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામનો આજે જન્મદિવસ.
- તેઓ વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૭ દરમ્યાન દેશના રાષ્ટ્રપતિ રહ્યા હતા.
- તેમનો જન્મ ૧૫ ઓક્ટોબર ૧૯૩૧ના રોજ તમિલનાડુના રામેશ્વર ખાતે થયો હતો.
- તેઓ દેશના પ્રથમ અવિવાહિત અને વૈજ્ઞાનિક રાષ્ટ્રપતિ બન્યા હતા.
- પુરૂનામ – અબ્દુલ પકિર જૈનુલાબ્દિન અબ્દુલ કલામ
- તેમના જન્મદિવસને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૦૧૦માં વિશ્વ વિદ્યાર્થી દિવસ તરીકે ઘોષિત કરવામાં આવ્યો હતો.
- તેઓ 'પીપલસ પ્રસિડેન્ટ' તરીકે ઓળખાય છે.
- વર્ષ ૧૯૯૭માં તેમને ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા.
- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ શિલોંગદ ખાતે ૮૩ વર્ષની વયે ૨૭ જુલાઇ ૨૦૧૫ના રોજ તેમનું નિધન થયું હતું.

**(૩) ઉપરાષ્ટ્રપતિને કોમોરોસનું સર્વોચ્ચ નાગરિક સન્માન**

- તાજેતરમાં ભારતના ઉપરાષ્ટ્રપતિશ્રી એમ. વેંકૈયા નાયડુને કોમોરોસના સર્વોચ્ચ નાગરિક સન્માન ધ ઓર્ડર ઓફ ધ ગ્રીન ક્રિસેંટ થી સન્માનીત કરવામાં આવ્યા.
- તેમને આ સન્માન કોમોરોસના રાષ્ટ્રપતિ અઝલી અસુમની દ્વારા પ્રદાન કરવામાં આવ્યું.
- ઉપરાષ્ટ્રપતિશ્રી એમ. વેંકૈયા નાયડુ આ સન્માન પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય છે.
- એમ. વેંકૈયા નાયડુ તાજેતરમાં ઊચ્ચ સ્તરીય અધિકારીક યાત્રા પર કોમોરોસ ગયા હતા.
- તેમની આ યાત્રા દરમ્યાન ભારતે ઉર્જા તથા સમુદ્રી રક્ષા ક્ષેત્રે કોમોરોસને સહયોગ માટે ૬૦ મિલિયન ડોલરની લાઇન ઓફ ક્રેડિટની જાહેરાત કરી.
- આ લાઇન ઓફ ક્રેડિટ અંતર્ગત કોમોરોસની રાજધાની મોરોની ખાતે ૧૮ મેગાવૉલ્ટ ઉર્જા પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે.
- કોમોરોસ હિન્દ મહાસાગરમાં આવેલ પૂર્વ આફ્રિકા ટાપુ દેશ છે.

**ટેટ્રિસ ચેલેન્જ**

- તાજેતરમાં વિશ્વભરમાં ઇમરજન્સી પરિસ્થિતિમાં સેવા આપતી સરકારી અને બિનસરકારી સંસ્થાઓ અને એજન્સીની ટેટ્રિસ ચેલેન્જ ઇન્ટરનેટ પર વાયરલ થઇ છે.
- આ ચેલેન્જમાં ઈમરજન્સી સેવા આપતા કર્મચારીઓ પોતાના ઇમરજન્સી વાહનની બહાર તમામ આપાતકાલીન સાધનો સાથે જમીન પર પોઝ આપે છે.
- આ ચેલેન્જની શરૂઆત ઝ્યુરિક પોલીસ દ્વારા કરવામાં આવી હતી. જેમાં બે પોલીસ જવાનોએ પોઝ આપ્યો હતો જે બાદમાં ઇન્ટરનેટ પર ખૂબ વાયરલ થયો હતો.
- આ ચેલેન્જ અંતર્ગત દેશના ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, દિલ્લી ગુજરાત જેવા રાજ્યના વિવિધ ઇમરજન્સી એજન્સીમાં સેવા આપતા કર્મચારીઓએ પોઝ આપ્યો હતો.
- ગુજરાતમાં અમદાવાદ, ભાવનગર, સાબરકાંઠા વગેરે જિલ્લાની ૧૦૮ ટીમે આ ચેલેન્જ સ્વીકારી પોઝ આપ્યો હતો.

પ્રશ્નો

૧ આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ ક્યારે મનાવાય છે ?

- ૧૫ ઓક્ટોબર

૨ પ્રથમ આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસની ઉજવણી કયાં વર્ષમાં કરવામાં આવી હતી ?

- ૨૦૦૮

૩ ડૉ. અબ્દુલ કલામ કયા વર્ષ દરમિયાન દેશના રાષ્ટ્રપતિ રહ્યાં હતાં ?

- ૨૦૦૨ થી ૨૦૦૭

૪ 'પીપલ્સ પ્રેસિડેન્ટ' તરીકે કોણ ઓળખાતું હતું ?

- ડૉ. અબ્દુલ કલામ

૫ તાજેતરમાં કોમોરોસનું સર્વોચ્ચ નાગરિક સન્માન કયા ભારતીયને મળ્યું ?

- ઉપરાષ્ટ્રપતિ એમ. વૈંકેયા નાયડુ

૬ ટેટ્રિસ ચેલેન્જની શરૂઆત કોણે કરી હતી ?

- જ્યુરિક પોલીસ દ્વારા

## 16. October. 2019

**(૧) વિશ્વ ખાદ્ય દિવસ**

- દર વર્ષે ૧૬ ઓક્ટોબરના રોજ વિશ્વ ખાદ્ય દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ સંયુક્ત રાષ્ટ્રની એજન્સી ખાદ્ય અને કૃષિ સંગઠનના સ્થાપના દિવસ નિમિત્તે મનાવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો ઉદ્દેશ્ય વિશ્વભરના કુપોષણથી પીડિત લોકોની સ્થિતિ વિશે જાગરૂક્તા ફેલાવવાનો છે.
- ખાદ્ય અને કૃષિ સંગઠનની સ્થાપના વર્ષ ૧૯૪૫માં કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૯ થીમ – Our Actions are our Future Healthy diets for a Zero Hunger World

**(૨) ફિક્સ વેતનના કર્મચારીઓના વેતનમાં વધારો – જીએસઆરટીસી**

- તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ અંતર્ગત કાર્ય કરતા ફિક્સ વેતનના કર્મચારીઓના વેતનમાં વધારો કરવામાં આવ્યો.
- ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમના અંદાજે ૧૨૬૭૦૦ થી વધુ કર્મચારીઓને આ નિર્ણયથી લાભ થશે.
- ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનું આદર્શ વાક્ય 'સલામત સવારી એસટી અમારી' છે.
- તેનું હેડક્વાર્ટર નરોડા અમદાવાદ ખાતે આવેલ છે. તેના ચેરમેન મુકેશ પુરી છે.

**(૩) ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસ – નવી દિલ્લી**

- તાજેતરમાં નવી દિલ્લી ખાતે ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસની શરૂઆત થઇ.
- ૧૪ ઓક્ટોબરથી ૧૬ ઓક્ટોબર ૨૦૧૯ સુધીની બેઠકનું આયોજન કેન્દ્ર સરકારના દુરસંચાર વિભાગ અને ભારતીય સેલુલર ઓપરેટર સંઘ દ્વારા કરવામાં આવ્યું છે.
- તેનું ઉદ્દ્ઘાટન કેન્દ્રીય દુરસંચાર મંત્રી રવિશંકર પ્રસાદે કર્યું હતું.
- આ કોંગ્રેસ (કોન્ફરન્સ) દક્ષિણ એશિયાની સૌથી મોટી મોબાઇલ કોંગ્રેસ છે.
- ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસનું આ વર્ષે ત્રીજું આયોજન છે જેમાં દુરસંચાર ઉદ્યોગ, સ્ટાર્ટઅપ, ઇન્ટરનેટ ઓથ થીંગ્સ, બિગ ડેટા, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વગેરે જેવા ઉદ્યોગ પ્રોફેશનલ્સ ભાગ લઇ રહ્યા છે.
- ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસની શરૂઆત વર્ષ ૨૦૧૭માં કરવામાં આવી હતી.
- તેનો મુખ્ય હેતુ નીતિ નિર્માતા, ઉદ્યોગ અને રેગ્યુલર્સનજે એક પ્લેટફોર્મ પર એકઠા કરવાનો છે.

**(૪) ભારતનો જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ ૬.૧ ટકા – IMF**

– તાજેતરમાં IMF દ્વારા જાહેર કરવામાં આવેલ રિપોર્ટ અનુસાર ભારતનો જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ ૬.૧ ટકા કરવામાં આવ્યો.

– જે અગાઉ જુલાઇ ૨૦૧૯ના રિપોર્ટમાં ૭ ટકા હતા.

– IMF દ્વારા જાહેર કરવામાં આવેલ એપ્રિલ ૨૦૧૯ રિપોર્ટમાં વર્ષ ૨૦૧૯ – ૨૦ માં ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૭.૩ ટકા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**સપ્ટેમ્બર ઓક્ટોબર ૨૦૧૬માં પ્રસિદ્ધ થયેલ વિવિધ રિપોર્ટમાં ભારતનો જીડીપી અંદાજ**

| | |
|---|---|
| વર્લ્ડ બેન્ક | ૬.૦ ટકા |
| એસ એન્ડ પી | ૬.૩ ટકા |
| એશિયન ડેવલોપમેન્ટ બેન્ક | ૬.૫ ટકા |
| આરબીઆઇ | ૬.૧ ટકા |
| IMF | ૬.૦ ટકા |

**IMF- International Monitory Fund**

– મુખ્યમથક – વોશિંગ્ટન ડીસી, અમેરિકા

– કાર્ય – વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય ચુકવણી પધ્ધતિઓમાં આવતી તકલીફો દૂર કરવી અને વિશ્વમાં નાણાકીય કટોકટીનું સંતુલન કરવું.

– IMF-ની કરન્સી SDR (Special drawing Rights) છે. SDR ને પેપર ગોલ્ડ પણ કહેવામાં આવે છે.

– SDR નું મુલ્ય કરન્સી બાસ્કેટ દ્વારા નક્કી થાય છે. આ કરન્સી બાસ્કેટમાં ડોલર, યુરો, ચાઇનીઝ રેઇનબી, યેન પાઉન્ડનો સમાવેશ થાય છે.

– કરન્સી બાસ્કેટમાં સૌથી વધારે હિસ્સો અમેરિકન ડોલરનો છે. જ્યારે ભારતનો ક્રમ આઠમો છે.

પ્રશ્નો

૧ વિશ્વ ખાદ્ય દિવસ ક્યારે મનાવાય છે ?

- ૧૬ ઓક્ટોબર

૨ ખાદ્ય અને કૃષિ સંગઠનની સ્થાપના કયાં વર્ષમાં કરવામાં આવી હતી ?

- ૧૯૪૫

૩ GSRTC નું હેડક્વાર્ટર કયાં આવેલ છે ?

- નરોડા, અમદાવાદ

૪ ઈન્ડિયા મોબાઇલ કોંગ્રેસની શરૂઆત કયાં થઈ હતી ?

- નવી દિલ્હી

૫ કેન્દ્રીય દુરસંચાર મંત્રીનું નામ જણાવો ?

- રવિશંકર પ્રસાદ

૬ આઇએમએફના રિપોર્ટ અનુસાર ભારતનો જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ કેટલા ટકાનો છે ?

- ૬.૧

૭ આઇએમએફ (IMF) નું પુરૂનામ જણાવો ?

- ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ International Monitory Fund

૮ IMF નું મુખ્યમથક કયાં આવેલું છે ?

- વોશિંગ્ટન, ડી.સી. અમેરિકા

## 17. October. 2019

**(૧) ડિજિટલ સોસાયટી દિવસ – ૧૭ ઓક્ટોબર**

**(૨) વિશ્વ ગરીબી નાબૂદ દિવસ – ૧૭ ઓક્ટોબર**

– વિશ્વભરમાં દર વર્ષે ૧૭ ઓક્ટોબરના રોજ આંતરરાષ્ટ્રીય ગરીબી નાબૂત દિવસ મનાવવામાં આવે છે.

– આ દિવસ વિકાસશીલ દેશોમાં ગરીબીને સમાપ્ત કરવા અને તેની નાબૂદી માટેના પ્રયાસોને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી મનાવવામાં આવે છે.

– સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રથમ વખત વર્ષ ૧૯૯૩માં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

– વર્ષ ૨૦૧૯ થીમ – "Acting Together to Empower Children, their families and communities to End Poverty"

**(૩) શિન્યુ મૈત્રી – ૨૦૧૯**

– તાજેતરમાં ભારત અને જાપાનની વાયુસેના વચ્ચે હવાઇ યુદ્ધ અભ્યાસની શરૂઆત થઇ.

– આ અભ્યાસનું નામ 'શિન્યુ મૈત્રી' છે જેનું આયોજન પશ્ચિમ બંગાળના ઇન્ડિયા એરફોર્સ સ્ટેશન અર્જુનસિંહ ખાતે થયું છે.

– આ અભ્યાસમાં માનવીય સહાયત અને આપત્તિ રાહત કાર્ય વિશે અભ્યાસ કરવામાં આવશે.

– 'શિન્યુ મૈત્રી–૨૦૧૯ માં બંને દેશની વાયુસેના હેઅવિંગ લેન્ડિંગ / ઓફ લેન્ડિંગનો અભ્યાસ કરશે.

– આ અભ્યાસમાં જાપાની વાયુસેનાના C2 એરક્રાફ્ટ, એરક્રૂ અને ભારતીય વાયુસેનાના C17 તથા AN32 એરક્રાફ્ટ ભાગ લઇ રહ્યા છે.

**(૪) સરકાર દ્વારા પાકોની ટેકાના ભાવે ખરીદી :**

– તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા મગફળી બાદ ડાંગર, મકાઇ અને બાજરીના પાકની ટેકાના ભાવેથી ખરીદી કરવામાં આવશે.

– જેમાં ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા ૧૬ ઓક્ટોબરથી ૩૧ ડિસેમ્બર દરમ્યાન રાજ્યના અલગ અલગ APMC કેન્દ્રમાં પાકની ખરીદી કરવામાં આવશે.

– APMC- Agricultural Produce Market Committee

પ્રશ્નો :

૧ ડિજિટલ સોસાયટી દિવસ ક્યારે મનાવાય છે ?

- ૧૭ ઓક્ટોબર

૨ વિશ્વ ગરીબી નાબુદ દિવસ ક્યારે મનાવાય છે ?

- ૧૭ ઓક્ટોબર

Vivekanand Academy Gandhinagar

૩ 'શિન્યુ મૈત્રી -૨૦૧૯' કયાં બે દેશો વચ્ચે યોજાયો હતો ?
- ભારત અને જાપાન
૪ APMC નું પુરૂનામ જણાવો ?
- Agricultural Produce Market Committee

## 18. October. 2019

**(૧) મેન બૂકર પ્રાઇઝ – ૨૦૧૯**

- તાજેતરમાં કેનેડાના માર્ગારેટ એડવૂડ અને બ્રિટનના બર્નાડિન એવરિસ્ટોને સંયુક્ત રીતે મેન બૂકર પ્રાઇઝ ૨૦૧૯ થી સન્માનીત કરાવમાં આવ્યા.
- માર્ગારેટ એડવૂડ કેનેડાના પ્રસિદ્ધ નવલકથાકાર, વિવેચક, શોધક, શિક્ષક અને કવિ છે.
- માર્ગારિટ એડવૂડને તેમની અંગ્રેજી નવલકથા 'The Testaments' માટે આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.
- જ્યારે બ્રિટનના બર્નાડિન એવરિસ્ટોને તેમની અંગ્રેજી નવલકથા 'Girl, Women, other' માટે આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.
- મેન બૂકર પ્રાઇઝ દર વર્ષે બ્રિટનના પ્રકાશિત થતી અને અંગ્રેજી ભાષામાં લખાયેલ નવલકથા એનાયત થાય છે.

**(૨) કવચ કાર્યક્રમનો શુભારંભ – ગુજરાત મહિલા આયોગ :**

- તાજેતરમાં ગુજરાત મહિલા આયોગના અધ્યક્ષ શ્રીમતી લીલાબેન અંકોલિયાએ ગાંધીનગર ખાતેથી કવચ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો.
- આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતની તમામ શાળાઓની વિદ્યાર્થીનીઓને આત્મરક્ષણ તાલીમ આપવામાં આવશે.
- જે અંતર્ગત જેમાં ગુડ ટચ અને બેડ ટચની વિદ્યાર્થીનીઓને સમજણ આપવામાં આવશે.
- ગુજરાત મહિલા આયોગ અને ગુજરાત પોલીસના સહયોગથી હાથ ધરવામાં આવેલા આ કાર્યક્રમમાં સુરક્ષા માહિતી આપતી કવચ બુકલેટનું લોન્ચિંગ કરાયું હતું.

**(૩) ગ્લોબલ હંડર ઇંડિક્સ – ૨૦૧૯**

- તાજેતરમાં વિશ્વ ખાદ્ય દિવસ નિમિત્તે જર્મનીની WELT HUNGER HILFE અને આયર્લેન્ડની Concern Worldwide દ્વારા વર્ષ ૨૦૧૯નો ગ્લોબલ હંડર ઇંડેક્સ જાહેર કરવામાં આવ્યો.
- ઇંડેક્સમાં કુલ ૧૭૭ દેશોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં ભારત ૧૦૨ માં સ્થાને છે.
- ભારત વર્ષ ૨૦૧૮માં ૧૦૩માં સ્થાને હતું જ્યારે વર્ષ ૨૦૧૭માં ૧૦૦માં સ્થાને હતું.
- ગ્લોબલ હંડર ઇંડેક્સની શરૂઆત વર્ષ ૨૦૦૬માં ઇન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવી હતી.
- ગ્લોબલ હંડર ઇડેક્સ ૨૦૧૯માં કુવૈત, તુર્કી, યુક્રેન સહિતના કુલ ૧૭ દેશોનો પ્રથમ સ્થાને છે.
- પ્રથમ સ્થાને આવેલ ૧૭ દેશો બાદ ઇંડેક્સમાં ૧૮માં સ્થાને બ્રાઝીલ અને ૧૯માં સ્થાને આર્જેન્ટીના છે.
- આ ઇંડેક્સમાં અંતિમ સ્થાને સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક દેશ છે. જે અગાઉ વર્ષ ૨૦૧૮માં પણ અંતિમ સ્થ્ને હતું.
- ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૩૦ સુધીમાં ઝીરો હંગરનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

**ગ્લોબલ હંડર ઇંડિક્સના માપદંડ :**

- બાળ મૃત્યુ દર
- પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકમાં ઊંચાઇના પ્રમાણમાં ઓછું વજન
- પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકમાં ઉંમરના પ્રમાણમાં ઓછી ઊંચાઇ
- ઓછું પોષણ

પ્રશ્નો :

૧ મેન બુકર પ્રાઇઝ-૨૦૧૯ વિજેતા જણાવો ?
- માર્ગરિટ એડવુડ અને બર્નાડિન એવરિસ્ટો
૨ માર્ગરિટ એડવુડને તેમની કઇ અંગ્રેજી નવલકથા માટે મેનુ બુકર પ્રાઇઝ પ્રાપ્ત થયો ?
- The Testaments'
૩ કવચ કાર્યક્રમનો શુભારંભ કોના દ્વારા કરવામાં આવ્યો હતો ?
- શ્રીમતી લીલાબેન અંકોલિયા
૪ ગ્લોબલ હંગર ઈન્ડેક્સ -૨૦૧૯ અનુસાર ભારતનું સ્થાન જણાવો ?
- ૧૦૨
૫ ભારત સરકાર દ્વારા કયા વર્ષ સુધીમાં ઝીરો હંગરનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે ?
- ૨૦૩૦

## 19. October. 2019

**(૧) ગુજરાત સરકાર અને જાપાનની કંપની વચ્ચે MOU**

- તાજેતરમાં ગુજરાત સરકાર અને જાપાનની કંપની વચ્ચે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે MOU થયા.
- રાજ્યમાં ઇલેક્ટ્રીક વાહનોના ઉપયોગ માટે લિથિયમ આયર્નના ઉત્પાદન માટે કરવામાં આવેલ આ MOU કરવામાં આવ્યા છે.
- આ અંતર્ગત જાપાનની Automotive Electronics Power Private Ltd નામની કંપની દ્વારા બે તબક્કામાં ૪૯૩૦ કરોડના રોકાણ હાંસલપુર ખાતે લિથિયમ આર્યન બેટરીના ઉત્પાદન માટે પોતાના પ્લાન્ટનું વિસ્તરણ કરવામાં આવશે.
- હાંસલપુર ખાતે Automotive Electronics Power Private Ltd કંપનીનો શિલાન્યાસ વર્ષ ૨૦૧૭માં ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને જાપાન પ્રધાનમંત્રી શિંજો આબેની ઉપસ્થિતિમાં થયો હતો.

Vivekanand Academy Gandhinagar

– જેમાં પ્રથમ તબક્કામાં વર્ષ ૨૦૨૦ના અંત સુધીમાં ૧૨૫૦ કરોડના ખર્ચે લિથિયમ બેટરીના પેક અને મોડ્યુલ મેન્યૂફેક્ચરિંગ ફેસિલિટીનો પ્રારંભ કરવામાં આવશે.
– Automotive Electronics Power Private Ltd એ મારૂતિ સૂઝીકિ કોર્પોરેશન, ટોશિબા આને ડેન્સોનું સંયુક્ત સાહસ છે.

**(૨) ટિમ કેશલેસ ઇન્ડિયા પહેલ – માસ્ટર કાર્ડ**

– તાજેતરમાં પેમેન્ટ કંપની માસ્ટર કાર્ડ દ્વારા પોતાના બ્રાન્ડ એમ્બેસેડર અને ભારતીય ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોની સાથે મળી દેશમાં ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાના હેતુથી ટિમ કેશલેસ ઇન્ડિયા નામની એક પહેલ લોન્ચ કરવામાં આવી.
– માસ્ટર કાર્ડ વર્ષ ૨૦૨૦ સુધીમાં દેશભરમાં ૧૦ મિલિયન વ્યાપારીઓને પેમેન્ટ ટેકનિક અપનાવવા માટે પોતાની સાથે જોડવાનું લક્ષ્ય રાખ્યું છે.
– આ લક્ષ્યને સાર્થક કરવા માટે માસ્ટર કાર્ડ અને Confederation of all India Traders (CAIT) સાથે મળી કાર્ય કરશે.
– CAIT દેશના વ્યાપારિક વર્ગનું સૌથી મોટું સંગઠન છે.

માસ્ટર કાર્ડ :

– માસ્ટર કાર્ડ અમેરિકાની બહુરાષ્ટ્રીય નાણાકીય સેવા આપતી કંપની છે.
– તેનું મુખ્યાલય અમેરિકાના ન્યુયોર્ક ખાતે આવેલ છે.
– તેની સ્થાપના વર્ષ ૧૯૬૬ માં કરવામાં આવી હતી.
– માસ્ટર કાર્ડના વર્તમાન અધ્યક્ષ અને સીઇઓ અજયપાલસિંહ બંગા છે.

**(૩) સેવા સેતુ કાર્યક્રમના પાંચમા તબક્કાનો પ્રારંભ :**

– તાજેતરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતના દાહોદ જિલ્લામાં આવેલ અંતેલા ગામથી સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો.
– સેવા સેતુ કાર્યક્રમનો આ પાંચમો તબક્કો છે અગાઉ યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમમાં રાજ્ય સરકાર દ્વારા અરજીઓનો સકારાત્મક ઉકેલ આપી કાર્યક્રમ અંતર્ગત ૯૯% સિદ્ધિ મેળવી છે.
– આ કાર્યક્રમ અંતર્ગત સરકારી એજન્સીઓ નાગરિકોના ઘરઆંગણે સરકારી સેવાઓ પહોચાડે છે.
– આ કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા રેશનકાર્ડ, આવકના દાખલા, જાતિ પ્રમાણપત્ર, આરોગ્ય સેવાઓના કાર્ડ સહિતની ૫૭ પ્રકારની સેવાઓ રાજ્યના નાગરિકોને આપવામાં આવે છે.
– આ કાર્યક્રમ અંતર્ગત પશુઓ માટે આરોગ્ય કેમ્પનું પણ આયોજન કરવામાં આવે છે.
– રાજ્યમાં સેવા સેતુ કાર્યક્રમનું આયોજન વર્ષ ૨૦૧૬ થી કરવામાં આવે છે.

**(૪) વિશ્વની પ્રથમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વિશ્વ વિદ્યાલય – સંયુક્ત અરબ અમીરાત**

– તાજેતરમાં સંયુક્ત અરબ અમીરાત દ્વારા વિશ્વની પ્રથમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વિશ્વ વિદ્યાલયની સ્થાપના અંગેની જાહેરાત કરવામાં આવી.
– આ વિશ્વ વિદ્યાલય ગ્રેજ્યુએશન સ્તરની હશે.
– આ વિશ્વવિદ્યાલયનું નામ મોહમ્મદ બિન જાયેદ યુનિવર્સિટી ઓફ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ રાખવામાં આવશે.
– આ વિશ્વવિદાલયનું નામ અબુધાબીના પ્રિન્સ શેખ મોહમ્મદ બિન જાયેદ અલ નહાયાન પર રાખવામાં આવશે.
– આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કમ્પ્યૂટર સાયન્સનું એક શાખા છે
– આ શાખામાં મશીનોમાં માણસની જેમ બુદ્ધિ અને સમજવાની ક્ષમતા વિકસાવવામા આવે છે.

પ્રશ્નો

૧ હાંસલપુર ખાતે Automotive Electronics Power Private Ltd કંપનીનો શિલાન્યાસ કયા વર્ષમાં થયો હતો ?
- ૨૦૧૭

૨ ટિમ કેશલેસ ઇન્ડિયા પહેલ કોના દ્વારા લોન્ચ કરવામાં આવી ?
- માસ્ટર કાર્ડ

૩ CAIT નું પુરૂનામ જણાવો ?
- Confederation of all India Traders

૪ માસ્ટર કાર્ડનું મુખ્યાલય કયાં આવેલું છે ?
- ન્યુયોર્ક

૫ સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કયાં વર્ષથી કરવામાં આવે છે ?
- ૨૦૧૬

૬ વિશ્વની પ્રથમ આર્ટિફિશિલ ઇન્ટેલિજન્સ વિશ્વ વિદ્યાલય કયાં બનાવવામાં આવશે ?
- સંયુક્ત અરબ અમીરાત

## 20. October. 2019

**(૧) India Innovation Index-2019]**

– તાજેતરમાં નીતિ આયોગ દ્વારા નીતિ આયોગ દ્વારા India Innovation Index 2019 લોન્ચ કરવામાં આવ્યો.
– નીતિ આયોગ અને ઈન્સ્ટિટ્યૂટ ફોર કોમ્પિટિવનેસ દ્વારા સંયુક્ત રીતે India Innovation index તૈયાર કરવામાં આવ્યો છે.
– આ ઇનડેક્સમાં કર્ણાટક રાજ્ય પ્રથમ સ્થાને છે.
– ઇન્ડેક્સમાં ગુજરાત રાજ્ય નવમા ક્મે છે.
– જ્યારે તમિલનાડુ અને મહારાષ્ટ્ર અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.

– આ ઇન્ડેક્સ વર્ષ ૨૦૧૭ થી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(૨) **નિતિ આયોગ**

– પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ૧ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ આયોજન પંચના સ્થાને નીતિ આયોગની રચના કરવામાં આવી હતી.
– નીતિ આયોગના અધ્યક્ષ તરીકે હોદ્દાની રૂએ પ્રધાનમંત્રી હોય છે.
– નીતિ આયોગના ઉપાધ્યક્ષ તરીકે રાજીવ કુમાર છે.
– NITI નેશનલ ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા

**NITI આયોગ દ્વારા સ્થાપના બાદ શરૂ કરવામાં આવેલ પહેલો**

- Digital payments movement
- Atal innovation mission
- task force on elimination of poverty in India
- task force on Agriculture developemnt
- Transforming india lecture series
- Ek Bharat Shrestha Bharat
- Public private partnership in health
- state Human development report
- Atal incubation centres
- Atal grand challenge awards
- India innovative index
- Mentor india campaign

(૨) **'ચેનાની નાશરી' સુરંગનું ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના નામ પર**

– તાજેતરમાં કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઇવે મંત્રી નિતિન ગડકરી દ્વારા કરવામાં આવેલ જાહેરાત મુજબ 'ચેનાની નાશરી' નામની સુરંગનું નામ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના નામ પર રાખવામાં આવશે.
– આ સુરંગ જમ્મુ અને કશ્મીરને જોડે છે. જેના વર્ષ ૨૦૧૭માં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા દેશને સમર્પિત કરી હતી.
– ૯.૨ કિલોમીટર લાંબી આ સુરંગ નેશનલ હાઇવે ૪૪ પર આવેલ છે.

■ **ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી :**

– ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી એક રાજનેતા, શિક્ષણવિદ્ અને વકીલ હતા.
– તેમનો જન્મ ૬ જુલાઇ ૧૯૦૧ના રોજ કોલકત્તા ખાતે થયો હતો.
– તેઓ પંડિત જવાહરલાલ નહેરૂ સરકારમાં ઉદ્યોગ મંત્રી હતા.
– તેમણે જમ્મુ કાશ્મીર મુદ્દે પંડિત નહેરૂ સાથે થયેલ મતભેદ બાદ તેમણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસથી અલગ થયા હતા.
– તેમણે વર્ષ ૧૯૫૧માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સહાયતાથી ભારતીય જનસંઘની સ્થાપના કરી હતી જે હાલ ભારતીય જનતા પાર્ટી તરીકે અસ્તિત્વમાં છે.
– તેમનું નિધન ૨૩ જૂન ૧૯૫૩ના રોજ જમ્મુ કાશ્મીરમાં થયું હતું.

પ્રશ્નો

૧ India Innovation Index 2019 કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યો ?
- નીતિ આયોગ

૨ India Innovation Index 2019 અનુસાર ગુજરાતનો ક્રમ ?
- ૯ મો

૩ India Innovation Index 2019 અનુસાર પ્રથક ક્રમે કયું રાજ્ય છે ?
- કર્ણાટક

૪ NITI નું પુરૂનામ જણાવો ?
- નેશનલ ઇન્સ્ટિટ્યુટ ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા

૫ 'ચેનાની નાશરી' નામની સુરંગ નું નામ કોના નામ પરથી રાખવામાં આવશે ?
- ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી

૬ ભારતીય જનસંઘની શ્યાથપના કોણે કરી હતી ?
- ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી

## 21. October. 2019

(૧) **પોલીસ સ્મૃતિ દિવસ :**

– દર વર્ષે ૨૧ ઓક્ટોબરના રોજ ભારતભરમાં રાષ્ટ્રીય પોલીસ સ્મૃતિ દિવસ મનાવવામાં આવે છે.
– વર્ષ ૧૯૫૯માં સીઆરપીએફના જવાનો પર ચીની સૈનિકોએ તીબેટમાં હુમલો કર્યો ત્યારે હિંમત અને બહાદુરપૂર્વક સામનો કર્યો હતો.
– તેઓ ૧૦ જેટલા જવાનો વીરગતિ પામ્યા હતા. તેમની યાદમાં 'રાષ્ટ્રીય પોલીસ સ્મૃતિ દિવસ ' મનાવવામાં આવે છે.
– CRPF- Central Reserve Police Force

(૨) **ડિઝાસ્ટર એક્સરસાઇઝ મોકડ્રીલ – ગુજરાત**

– તાજેતરમાં ગુજરાતના ૬ જિલ્લાઓમાં કેમિકલ ડિઝાસ્ટર એક્સરસાઇઝ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.
– જેનું આયોજન અમદાવાદ, જામનગર, વડોદરા, ભરૂચ, સુરત, અમદાવાદ અને વલસાડમાં કરવામાં આવ્યું હતું.
– આ તમામ જિલ્લાઓ રાજ્યના કેમિકલ કોટીડોર તરીકે ઓળખાય છે.
– આ મોકડ્રીલ દેશની પ્રથમ કેમિકલ ડિઝાસ્ટર અને રાજ્યકક્ષાની સૌથી મોટી મોકડ્રીલ હતી.

Vivekanand Academy Gandhinagar

– આ મોકડ્રીલનું આયોજન નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી અને ગુજરાત રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

**(૩) હરૂન ગ્લોબલ યુનિકોર્ન લિસ્ટ– ૨૦૧૯**

– તાજેતરમાં ધ હુરૂન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા પ્રથમ હુરૂન ગ્લોબલ યુનિકોર્ન લિસ્ટ–૨૦૧૯ જાહેર કરવામાં આવ્યો.
– આ રેકિંગ વિશ્વના એવા બિલિયન ડૉલર ટેક્નૉલોજિ સ્ટાર્ટઅપ્સને શામિલ કરવામાં આવ્યા છે.
– જેની સ્થાપના ૨૦૦૦ના દશકમાં કરવામાં આવી હોય અને ત્યાર સુધીમાં તે પબ્લિક એક્સચેન્જમાં સામેલ થયા નથી.
– આ રેન્કિંગમાં ચીન પ્રથમ સ્થાને છે ચીનમાં ૨૦૬ યુનિકોર્ન છે.
– ચીન બાદ અમેરિકા આ રેન્કિંગમાં બીજા સ્થાને છે. અમેરિકામાં ૨૦૩ યુનિકોર્ન છે.
– ભારત આ રેન્કિંગમાં ૨૧ યુનિકોર્ન સાથે ત્રીજા સ્થાને છે.
– ભારતના ૨૧ યુનિકોર્નમાં one97 કોમ્યુનિકેશન, ઓલા કેબ્સ, બાયજૂજ અને ઓયોરૂમનો સમાવેશ થાય છે.

**(૪) સૌરવ ગાંગુલી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના નવા અધ્યક્ષ**

– તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના નવા અધ્યક્ષ નીમવામાં આવ્યા.
– તેઓ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના ૩૯ અધ્યક્ષ બન્યા.
– તેમણે સી.કે. ખન્નાનું સ્થાન લીધું.
– સૌરવ ગાંગુલીએ ૧૯૯૨ થી ૨૦૦૮ સુધી ભારતીય ક્રિકેટ ટીમમાં સેવા આપી હતી.
– સૌરવ ગાંગુલીનો જન્મ ૮ જુલાઇ ૧૯૭૨ના રોજ પશ્ચિમ બંગાળના કોલકત્તામાં થયો હતો.
– તેમણે પોતાની કારકિર્દીમાં ૩૧૧ એકદિવસીય મેચમાં ૧૧૩૬૩ રન બનાવ્યા. જ્યારે ૧૧૩ ટેસ્ટ મેચમાં ૭૨૧૨ રન બનાવ્યા.

**ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ**

– ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની સ્થાપના વર્ષ ૧૯૨૮માં કરવામાં આવી હતી.
– તે દેશમાં ક્રિકેટનું સર્વોચ્ચ રાષ્ટ્રીય ગવર્નિંગ સંગઠન છે.
– તેનું મુખ્યાલય મુંબઇ ખાતે આવે છે.
– બીસીસીઆઇના સીઇઓ રાહુલ જોહરી છે.

**(૫) ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોશિએશનના નવા પ્રમુખ તરીકે પરિમલ નથવાણી**

– તાજેતરમાં ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના નવા પ્રમુખ તરીકે પરિમલ નથવાણીની નિમણૂક કરવામાં આવી.
– તેઓએ પ્રમુખ તરીકે ધનરાજ નથવાણીનું સ્થાન લીધું છે.
– રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના સિનિયર ગ્રૂપ પ્રેસિડેન્ટ અને રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણી અગાઉ ગુજરાત ક્રિકેટ એસોસિએશનના ઉપ પ્રમુખ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

પ્રશ્નો

૧ પોલીસ સ્મૃતિ દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૧ ઓક્ટોબર

૨ CRPF નું પુરૂનામ જણાવો ?
- Central Reserve Police Force

૩ દેશની પ્રથમ કેમિકલ ડિઝાસ્ટર અને રાજ્યકક્ષાની સૌથી મોટી મોકડ્રીલ કયાં રાજ્યમાં થ્ઈ હતી ?
- ગુજરાત

૪ ડિઝાસ્ટર એક્સસાઇઝ મોકડ્રીલ કેટલા જિલ્લામાં શરૂ થઈ હતી ?
- ૬

૫ હુરૂન ગ્લોબલ યુનિકોર્ન લિસ્ટ-૨૦૧૯ અનુસાર ભારતનો ક્રમ જણાવો ?
- ત્રીજો

૬ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના નવા અધ્યક્ષ જણાવો ?
- સૌરવ ગાંગુલી

૭ ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના નવા પ્રમુખ જણાવો ?
- પરિમલ

## 22. October. 2019

**(૧) ધર્મ ગાર્જિયન – ૨૦૧૯**

– તાજેતરમાં ભારત અને જાપાન વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ ધર્મ ગાર્જિયન ૨૦૧૯ની શરૂઆત થઇ.
– આ સંયુક્ત અભ્યાસનું આયોજન ૧૯ ઓક્ટોબરથી ૨ નવેમ્બર ૨૦૧૯ દરમ્યાન ભારતના મિઝોરમના વૈરેંટ ખાતે આવેલ Counter Insurgency and jugle warfare school માં કરવામાં આવ્યું છે.
– આ અભ્યાસમાં ભારતીય સેના અને જાપાન ગ્રાઉન્ડ સેલ્ફ ડિફેન્સ ફોર્સના ૨૫–૨૫ સૈનિકો ભાગ લઇ રહ્યા છે.
– આ અભ્યાસનું આયોજન આતંકવાદ સામે લડાઇના અનુભવનું આદાન પ્રદાન કરવા માટે કરવામાં આવ્યું છે.

**(૨) આઝાદ હિન્દ ફોજની સ્થાપનાના ૭૬ વર્ષ**

– ૨૧ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ આઝાદ હિન્દ ફોજની સ્થાપનાના ૭૬ વર્ષ પૂર્ણ થયા.
– આ અવસરે દિલ્લીના લાલ કિલ્લા ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી પ્રહલાદ સિંહ હાજર રહ્યા હતા.

Vivekanand Academy Gandhinagar

- **૨૧ ઓક્ટોબર ૧૯૪૩ના રોજ સુભાષચંદ્ર બોઝ દ્વારા આઝાદ હિંદ ફોજ નામે દેશની પ્રથમ સ્વતંત્ર સરકારની રચના કરી હતી.**
- **૭૬ વર્ષ અગાઉ રચાયેલ આ સરકાર અખંડ ભારતની અવિભાજિત સરકાર હતી.**
- **આ સરકારના નેતૃત્વમાં નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વારા દેશના દરેક ક્ષેત્રમાં વિકાસ માટે યોજનાઓ બનાવી હતી.**
- **આ સરકારની રચના નેતાજી દ્વારા સિંગાપુર ખાતે કરાવમાં આવી હતી જેને વિશ્વના ૧૧ દેશો દ્વારા માન્યતા આપવામાં આવી હતી.**
- **આ સરકારની રચના સમયે નેતાજીએ ચાલો દિલ્લીનો નારો આપ્યો હતો.**

**(૩) રાષ્ટ્રીય પોષણ સંસ્થાનની સ્મૃતિમાં ટપાલ ટિકિટ**

- **તાજેતરમાં કેન્દ્રિય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય પોષણ સંસ્થાનની સ્મૃતિમાં ટપાલ ટિકિટ જાહેર કરવામાં આવી.**
- **આ ટપાલ ટિકિટને કોર્પોરેટ માય સ્ટેમ્પ સ્કીમ અંતર્ગત જાહેર કરવામાં આવ્યા છે.**
- **આ ટપાલ ટિકિટને રાષ્ટ્રીય પોષણ સંસ્થાનના ૧૦૦ વર્ષ પૂર્ણ થયાના અવસરે જાહેર કરવામાં આવ્યા છે.**
- **રાષ્ટ્રીય પોષણ સંસ્થાનની ૧૦૦માં સ્થાપના વર્ષની ઉજવણી પોષણ દ્વારા દેશનું સશક્તિકરણ થીમ પર કરવામાં આવી રહી.**
- **કોર્પોરેટ માય સ્ટેમ્પની શરૂઆત વર્ષ ૨૦૧૬માં કરવામાં આવી હતી. આ પહેલ અંતર્ગત કોર્પોરેટ એંટીટી અથવા તો વ્યક્તિ પોતાનો ફોટો ટપાલ ટિકિટ પર છપાવી શકે છે.**
- **રાષ્ટ્રીય પોષણ સંસ્થાન એક સાર્વજનિક સ્વાસ્થ્ય, પોષણ તથા અનુસંધાન કેન્દ્ર છે.**
- **તે હૈદરાબાદ ખાતે આવેલ છે.**

**(૪) નેશનલ સિક્યુરિટી ગાર્ડના ડાયરેક્ટર જનરલ – અનુપકુમાર સિંહ**

- **તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય નિયુક્તિ સમિતિ દ્વારા વરિષ્ઠ ભારતીય પોલીસ સેવા અધિકારી અનુપ કુમાર સિંહને નેશનલ સિક્યુરિટી ગાર્ડના ડાયરેક્ટર જનરલ નિયુક્ત કરવામાં આવ્યા.**
- **તેમનો કાર્યકાળ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીનો રહેશે. તેમણે સુદીપ લખટકિયાનું સ્થાન લીધું.**
- **NSG ને બ્લેક કેટ્સ કમાન્ડો તરીકે પણ ઓળખવામા આવે છે.**
- **નેશનલ સિક્યુરિટી ગાર્ડની સ્થાપના વર્ષ ૧૯૮૪માં ઇન્દિરા ગાંધીની હત્યા અને ઓપરેશન બ્લૂ સ્ટાર બાદ કરવામાં આવી હતી.**
- **આ દળની સ્થાપના આતંકવાદી પ્રવૃતિનો સામનો કરવા માટે કરવામાં આવી હતી.**
- **આ દળ કેન્દ્રીય ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.**

પ્રશ્નો

૧ ધર્મ ગાર્જિયન-૨૦૧૯ યુદ્ધ અભ્યાસ કયાં બે દેશો વચ્ચે યોજાયો હતો ?
- ભારત અને જાપાન

૨ આઝાદ હિન્દ ફોજનાં સ્થાપનાના ૨૦૧૯માં કેટલા વર્ષ પૂર્ણ થયા ?
- ૭૬ વર્ષ

૩ આઝાદ હિન્દ ફોજની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ૨૧ ઓક્ટોબર ૧૯૪૩

૪ ચાલો દિલ્લી નો નારો કોણે આપ્યો ?
- સુભાષચંદ્ર બોઝ

૫ કયા મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય પોષણ સંસ્થાનની સ્મૃતિમાં ટપાલ ટિકિટ બહાર પાડી છે ?
- કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય

૬ નેશનલ સિક્યુરિટી ગાર્ડના ડાયરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
- અનુપકુમાર સિંહ

## 23. October. 2019

**(૧) ૯ લાખ કરોડ રૂપિયાની માર્કેટ કેપ ધરાવનાર પ્રથમ ભારતીય – રિલાયન્સ**

- **તાજેતરમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ ૯ લાખ કરોડ રૂપિયાની માર્કેટ કેપ ધરાવનાર પ્રથમ ભારતીય કંપની બની.**
- **માર્કેટ કેપ એટલે કંપનીનું મૂલ્ય જેનો વ્યાપાર માર્કેટમાં કરવામાં આવે છે**
- **માર્કેટ કેપની ગણતરી કંપનીની કુલ શેરની સંખ્યા અને તે શેરની વર્તમાન કિંમતથી ગુણી કરવામાં આવે છે.**
- **ચાલુ વર્ષે બોમ્બે સ્ટૉક એક્સચેન્જમાં રીલાયન્સના શેરની કિંમતમાં ૨૬% વધારો થયો છે.**
- **રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની સ્થાપના ૧૯૭૭માં ધીરૂભાઇ અંબાણી દ્વારા કરવામાં આવી હતી.**
- **હાલ ૪૭% શેર સાથે મુકેશ અંબાણી કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે.**
- **રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ વર્ષ ૨૦૧૭માં ફોર્ચ્યુન ગ્લોબલની ૫૦૦ કંપનીની સૂચિમાં ૨૦૩ મું સ્થાન ધરાવે છે.**
- **રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ઉર્જા, પેટ્રોલિયમ, કાપડ, પ્રાકૃતિક સંસાધન, રિટેલ અને દુરસંચાર ક્ષેત્રમાં કાર્ય કરે છે.**

**(૨) વર્ષ ૨૦૨૨માં ઇન્ટરપોલની જનરલ એસેમ્બલીનું આયોજન ભારતમાં**

- **વર્ષ ૨૦૨૨માં ઇન્ટરપોલની જનરલ એસેમ્બલીનું આયોજન ભારતમાં ઇન્ટરપોલ દ્વારા ૨૦૨૨માં પોતાની જનરલ એસેમ્બલીનું આયોજન ભારતમાં કરશે.**
- **ઇન્ટરપોલની આ ૯૧મી જનરલ એસેમ્બલી હશે.**
- **આ અગાઉ ઇન્ટરપોલની જનરલ એસેમ્બલીનું ભારતમાં આયોજન વર્ષ ૧૯૯૭માં કરવામાં આવ્યું હતું.**

- ઇન્ટરપોલની સ્થાપના વર્ષ ૧૯૨૩માં આંતરરાષ્ટ્રીય પોલીસ કમિશન રૂપે થઇ હતી.
- તેનું પુરૂનામ ઇન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઇઝેશન છે.
- હાલ ૧૯૪ દેશો ઇન્ટરપોલના સદસ્ય દેશો છે.
- તેનું મુખ્યાલય ફ્રાંસના લિઓન ખાતે આવેલ છે.
- આ સંસ્થા માનવંતા વિરૂદ્ધના અપરાધો, બાળ અશ્લીલ સાહિત્ય, સાઇબર ક્રાઇમ, માનવ તસ્કરી વગેરે મામલાઓમાં કાર્ય કરે છે.
- ઇન્ટરપોલના વર્તમાન અધ્યક્ષ કીમ જોંગ યેંગ છે તેઓ દક્ષિણ કોરિયાના છે.

### (3) FATE દ્વારા શ્રીલંકાને ગ્રે લિસ્ટથી હટાવવાયુ :

- તાજેતરમાં FATE દ્વારા શ્રીલંકાને ગ્રે લિસ્ટથી હટાવવામાં આવ્યું.
- નાણાકીય સુરક્ષા બાબતે શ્રીલંકા દ્વારા લેવામાં આવેલ સકારાત્મક પગલાઓ બાદ FATE દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- FATE દ્વારા વર્ષ ૨૦૧૧માં શ્રીલંકાને બ્લેકલિસ્ટમાં સામેલ કરાવમાં આવ્યું હતું.
- વર્ષ ૨૦૧૨માં શ્રીલંકા દ્વારા નાણાકીય સુરક્ષા અંગે કોઇપણ યોજના અમલમાં ન મુકતા FATE દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- FATE દ્વારા વર્ષ ૨૦૧૧માં શ્રીલંકાને બ્લેકલિસ્ટમાં સામેલ કરવામાં આવ્યું હતું.
- FATE ખતરનાક અર્થવ્યવસ્થા ધરાવતા દેશને આ લિસ્ટમાં સામેલ કરાવમાં આવે છે.
- વર્ષ ૨૦૧૬ બાદ શ્રીલંકાની કેન્દ્રીય બેન્ક અને અન્ય નાણાકીય સંસ્થાઓ દ્વારા સાથે મળી દેશની નાણાકીય સુરક્ષા અંગેના પગલાઓ લેવામાં આવ્યા હતા જેના લીધે FATE દ્વારા શ્રીલંકાને ગ્રે લીસ્ટથી હટાવવામાં આવ્યું છે.

**ફાયનાન્સ એક્શન ટાસ્કફોર્સ (FATE )**

- ફાયનાન્સ એક્શન ટાસ્ક ફોર્સ (FATE) એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.
- તેની સ્થાપના વર્ષ ૧૯૮૯માં મની લૉન્ડ્રીગ અને નાણાંના ગેરકાયદેસર ફંડિંગને રોકવા માટે કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૦૧માં ટેરર ફંડિંગને રોકવા માટે નીતિ બનાવવાનું કાર્ય પણ તેને સોંપવામાં આવ્યું હતું.
- તેનું મુખ્યાલય ફ્રાંસની રાજધાની પેરિસ ખાતે આવેલ છે.
- હાલ વિશ્વના ૩૯ દેશો તેના સભ્ય છે.

પ્રશ્નો

૧ ૯ લાખ કરોડ રૂપિયાની માર્કેટ કેપ ધરાવનાર પ્રથમ ભારતીય કંપનીનું નામ જણાવો ?

- રિલાયન્સ

૨ રિલાયન્સના ચેરમેન જણાવો ?

- મુકેશ અંબાણી

૩ ઇન્ટરપોલની જનરલ એસેમ્બલીનું આયોજન ભારતમાં કયા વર્ષ કરવામાં આવશે ?

- ૨૦૨૨

૪ ઇન્ટરપોલનું મુખ્યમથક કયાં આવેલું છે ?

- લિઓન, ફ્રાંસ

૫ તાજેતરમાં FATE દ્વારા ત્યાં એશિયન દેશને ગ્રે લીસ્ટમાંથી હટાવવામાં આવ્યો ?

- શ્રીલંકા

૬ FATE નું પુરૂનામ જણાવો ?

- ફાયનાન્સ એકશન ટાસ્ક ફોર્સ

૭ FATE માં કુલ કેટલા સભ્યો દેશો છે ?

- ૩૯

## 24. October. 2019

### (૧) પ્રથમ મહિલા સ્પેસવોક – નાસા

- તાજેતરમાં નાસા દ્વારા પ્રથમ મહિલા સ્પેસવોકનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સ્પેસવોકમાં ક્રિસટીના કોચ અને જેસિકા મેયરનામની બે મહિલા અંતરિક્ષયાત્રીઓએ ભાગ લીધો હતો.
- આ બંને મહિલા અંતરિક્ષયાત્રીએ સ્પેસવોક દરમ્યાન આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશનમાં બેટરી – ચાર્જ–ડિસ્ચાર્જ યુનિટને બદલવાનું કાર્ય કર્યું હતું.
- સ્પેસવોક કરનાર પ્રથમ વ્યક્તિ રશિયાના એલેક્સી લીયોનોવ છે તેમણે વર્ષ ૧૯૬૫માં સ્પેસ વોક કર્યું હતું. તેઓ વોશખોડ ૨ મિશન અંતર્ગત ૧૨ મિનિટ અને ૯ સેકન્ડ કેપ્સ્યુલની બહાર અંતરિક્ષમાં રહ્યા હતા.
- આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન પૃથ્વીની નિમ્ન કક્ષાએ આવેલ એક કૃત્રિમ આવાસી ઉપગ્રહ છે. જેમા અંતરિક્ષ યાત્રીઓ રહી શકે છે ત્યાં અલગ અલગ પ્રયોગો પણ કરી શકે છે.
- આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન અમેરિકા રશિયા જાપાન યુરોપ અને કેનેડાનું સંયુક્ત સ્પેસ સ્ટેશન છે.
- હાલ અંતરિક્ષમાં આ પ્રકારના બે સ્પેસ સ્ટેશન કાર્યરત છે જેમાં એક આંતરરષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન છે અને બીજું સ્પેસ સ્ટેશન ચીનનું છે.
- નાસા અમેરિકાની સ્પેસ એજન્સી છે. એજની સ્થાપના ૨૯ જુલાઈ ૧૯૫૮માં કરવામાં આવી હતી.
- નાસા વિશ્વની અગ્રણી સ્પેસ એજન્સી છે.

### (૨) પ્રધાનમંત્રી આર્થિક સલાહકાર સમિતિમાં ત્રણ નવા નિયુક્તિ :

- તાજેતરમાં પ્રધાનમંબ્રી આર્થિક સલાહકાર સમિતિના અંશકાલિન સદસ્ય તરીકે નીલકંઠ મિશ્રા, નીલેશ શાહ અને અનંત નાગેશ્વરની નિમણૂક કરવામાં આવી.
- તેમનો કાર્યકાળ બે વર્ષ સુધીનો રહેશે.
- નીલકંઠ મિશ્રા હાલમાં ક્રેડિટ સૂઈસ્સેના મેનેજિંગ ડાયરેક્ટર તથા ઇક્વિટી સ્ટ્રેટેજિસ્ટ તરીકે કાર્યરત છે.

Vivekanand Academy Gandhinagar

– નીલેશ શાહ કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપનીના મેનેજિંગ ડાયરેક્ટર છે.
– આનંત નાગેશ્વર IFMR ગ્રેજ્યુએટ સ્કૂલ ઓફ બિઝનેશ ક્રેયા યુનિવર્સિટીના ડીન છે.
– પ્રધાનમંત્રી આર્થિક સલાહકાર સમિતિ એક સ્વતંત્ર સંસ્થા છે જેનું કાર્ય પ્રધાનમંત્રીને આર્થિક મુદ્દે અભિપ્રાય આપવાનું છે.
– પ્રધાનમંત્રી આર્થિક સલાહકાર સમિતિ બીબેક દેબરોય છે.

**(૩) વર્લ્ડ સ્ટીલ એસોશિએશન ઉપાધ્યક્ષ : – સજ્જન જિંદલ**

– તાજેતરમાં JSW સ્ટીલના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટ સજ્જન જિંદલને વર્લ્ડ સ્ટીલ એસોસિએશનના ઉપાધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા.
– તેમની નિયુક્ત એક વર્ષ માટે કરવામાં આવી.
– વર્લ્ડ સ્ટીલ એસોસિએશન ચેરમેન (અધ્યક્ષ) તરીકે HBIS ગ્રૂપના ચેરમેન યૂ યોંગની નિમણૂક થઇ હતી.
– વર્લ્ડ સ્ટીલ એસોસિએશન એક ગેર લાભકારી સંગઠન છે જે સ્ટીલ ઉધોગ ક્ષેત્રનું વિશ્વનું સૌથી મોટું સંગઠન છે.
– તેની સ્થાપના જુલાઇ ૧૯૬૭માં થઇ હતી.
– તેનું મુખ્યાલય બેલ્જિયમની રાજધાની બ્રુસેલ્સ ખાતે આવેલ છે.
– આ સંગઠનમાં ૧૬૦ સ્ટીલ ઉત્પાદકો સામેલ છે.

પ્રશ્નો

૧ પ્રથમ મહિલા સ્પેસવોકનું આયોજન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
- નાસા
૨ નાસાની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
- ૨૯ જુલાઇ ૧૯૫૮
૩ તાજેતરમાં પ્રધાનમંત્રી આર્થિક સલાહકાર સમિતિમાં કેટલા સદસ્યોની નિમણૂક કરવામાં આવી ?
- ત્રણ
૪ પ્રધાનમંત્રી આર્થિક સલાહકાર સમિતિના અધ્યક્ષ જણાવો ?
- બીબેક દેબરોય
૫ વર્લ્ડ સ્ટીલ એસોસિએશનના ઉપાધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?
- સજ્જન જિંદલ
૬ બેલ્જિયમની રાજધાની જણાવો ?
- બ્રસેલ્સ

## 25. October. 2019

**(૧) બ્રિજીટલ નેશન નામના પુસ્તકનું વિમોચન :**

– તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ બ્રિજીટલ નેશન નામના પુસ્તકનું વિમોચન કર્યું.
– આ પુસ્તક એન. ચંદ્રશેખરન અને રૂપા પુરૂષોત્તમ દ્વારા લખવામાં આવ્યું છે જેનું વિમોચન નવી દિલ્લી ખાતે એક સમારોહમાં કરવામાં આવ્યું છે.
– પ્રધાનમંત્રીશ્રીએ આ પુસ્તકની પહેલી નકલ રતન ટાટાને ભેટ કરી હતી.
– આ પુસ્તક ભવિષ્યના શક્તિશાળી વિઝનને પ્રસ્તુત કરે છે.
– જેમાં ભવિષ્યના ઇકોસિસ્ટમમાં ટેકનિકલ અને માનવીય અસ્તિત્વ અંગે દ્રષ્ટિકોણ દર્શાવવામાં આવ્યા છે.
– આધુનિક ડિજિટલ ડિવાઇસિસ આકાંક્ષાઓ અને સિદ્ધિઓ વચ્ચે એક પુલ (બ્રિજ) ની જેમ કાર્ય કરી શકે તે ઉદ્દેશ્યથી આ પુસ્તકનું નામ બ્રિજીટલ રાખવામાં આવ્યું છે.

**(૨) રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર ડોન બ્રૈડમેનનો રેકોર્ડ તોડ્યો.**

– તાજેતરમાં ભારતીય ક્રિકેટર રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર ડોતન બ્રૈડમેનનો રેકોર્ડ તોડ્યો.
– રોહિત શર્માએ આ રેકોર્ડ રાંચીના ઝારખંડ રાજ્ય ક્રિકેટ સંઘ સ્ટેડિયમમાં દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધની ટેસ્ટ મેચમાં તોડ્યો.
– રોહિત શર્માએ ઘરેલુ જમકીન પર સ્ટેટ મેચમાં ૯૯.૮૪ ની સરેરાશ થઇ.
– તેમણે ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર ડોન બ્રૈડમેનનો વર્ષ ૧૯૨૮ થી ૧૯૪૮ વચ્ચે ઘરેલુ ક્રિકેટમાં ૯૮.૨૨ સરેરાશનો રેકોર્ડ તોડ્યો છે.
– રોહિત શર્માએ આ ટેસ્ટ મેચ ૨૧૨ રન બનાવ્યા હતા ટેસ્ટ ક્રિકેટમાં તેની પ્રથમ બેવડી સદી છે.

**(૩) રામનાથ કોવિંદની ફિલિપિન્સ યાત્રાના :**

– તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ પોતાની ફિલિપિન્સ યાત્રાના પ્રથમ ચરણમાં ફિલિપિન્સના મનીલા ખાતે પહોંચ્યા.
– રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ અને ફિલિપિન્સના રાષ્ટ્રપતિ રોડ્રિગો દૂતેર્તે વચ્ચે મુલાકાત થઇ હતી.
– આ મુલાકાત દરમ્યાન ભારત અને ફિલિપિન્સ વચ્ચે ચાર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.
– આ કરાર અંતર્ગત વિજ્ઞાન અને પ્રદ્યોગિક, સમુદ્રી, પર્યટન અને સંસ્કૃતિ ક્ષેત્રે કરવામાં આવ્યા છે.
– વર્ષ ૨૦૧૯માં ફિલિપિન્સ અને ભારત વચ્ચેના રાજનૈતિક સંબંધની ૭૦મી વર્ષગાઠ મનાવવામાં આવી રહી છે.

**(૪) બૌદ્ધ સર્કિટ ટ્રેન**

– તાજેતરમાં ભારતીય રેલવે દ્વારા ૧૯ ઓક્ટોબરથી ૨૬ ઓક્ટોબર દરમ્યાન ભારત અને નેપાળ છે. પોતાની પ્રથમ બૌદ્ધ સર્કિટ ટ્રેન ચલાવવામાં આવી રહી છે.
– આ ટ્રેન યાત્રિકોને ભારત અને નેપાળના ગૌતમ બુદ્ધના જીવનથી જોડાયેલ મહત્વના સ્થળોની યાત્રા કરાવશે.

પ્રશ્નો

૧ બ્રિજીટલ નેશન નામના પુસ્તકાનું વિમોચન કોના દ્વારા કરવામાં આવ્યું ?

Vivekanand Academy Gandhinagar

- નરેન્દ્ર મોદી

૨ બ્રિજીટલ નેશન પુસ્તક કોના દ્વારા લખવામાં આવ્યું છે ?

- એન. ચંદ્રશેખરન અને રૂપા પુરૂષોત્તમ

૩ તાજેતરમાં કયા ક્રિકેટરે ઘરેલું જમીન ટેસ્ટ મેચમાં ૯૯.૮૪ ની સરેરાશ થી કોના બ્રેડમેનનો રેકોર્ડ તોડ્યો ?

- રોહિત શર્મા

૪ ફિલિપાઈનસના રાષ્ટ્રપતિનું નામ જણાવો ?

- રોડ્રિગો દૂતેર્તે

૫ બૌદ્ધ સર્કિટ ટ્રેન કયા બે દેશો વચ્ચે દોડશે ?

- ભારત અને નેપાળ

## 26. October. 2019

**(૧) લદ્દાખ ખાતે કર્નલ ચેવાંગ રિનચેન સેતુનું ઉદ્‌ઘાટન :**

- **તાજેતરમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથસિંહ લદ્દાખ ખાતે કર્નલ ચેવાંગ રિનચેન સેતુનું ઉદ્‌ઘાટન કર્યું.**
- **આ પુલનું નામ કર્નલ ચેવાંગ રિનચેન લદ્દાખના વતની હતા તેઓ ભારતીય સેનાના અધિકારી હતા.**
- **તેમનો જન્મ ૧૧ નવેમ્બર ૧૯૩૧ના રોજ લદ્દાખના નુબ્રા ઘાટિમાં થયો હતો.**
- **ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૫૨માં મહાવીર ચક્રથી સન્માનીત કરવામાં આવ્યા હતા.**
- **આ પુલનું નિર્માણ લદ્દાખમાં ૧૪૬૫૦ ફૂટની ઊંચાઇ પર કરવામાં આવ્યું છે.**
- **આ પુલ ભારત ચીન વચ્ચેની લાઇન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલથી ૪૫ કિલોમીટર દૂર છે.**
- **આ પુલનું નિર્માણ સીમા સડક સંગઠન દ્વારા કરાવમાં આવ્યું હતું.**
- **સીમા સડક સંગઠનની સ્થાપના ૭ મે ૧૯૬૦માં થઇ હતી.**
- **સીમા સડક સંગઠન દેશના સરહદી વિસ્તારોમાં રસ્તા અને વિકાસ કાર્ય કરતી સરકારી સંસ્થા છે.**
- **તેની સ્થાપના વર્ષ ૧૯૬૦માં તત્કાલિન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂ દ્વારા કરવામાં આવી હતી.**
- **આ સંગઠન રક્ષા મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.**

**(૨) પાકિસ્તાન ભારત વચ્ચે તમામ ટપાલ સેવાઓ બંધ :**

- **તાજેતરમાં પાકિસ્તાન દ્વારા ભારત સાથેની તમામ ટપાલ સેવાઓ બંધ કરવામાં આવી.**
- **ભારત અને પાકિસ્તાનના ભાગલા બાદ બંને દેશ વચ્ચે પ્રથમ વખત ટપાલ સેવાઓ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.**
- **આ નિર્ણય અંગેની જાહેરાત કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ દ્વારા આપવામાં આવી હતી.**
- **આંતરરાષ્ટ્રીય ટપાલ સેવાઓ માટે ભારતમાં ૨૮ ફોરેઇન પોસ્ટ ઓફિસ આવેલ છે.**

**(૩) કે. પરાસરણ – મોસ્ટ એનીમેંટ સિનિયર સીટીઝન :**

- **તાજેતરમાં દેશના ઉપરાષ્ટ્રપતિશ્રી એમ. વેકૈયા નાયડુ દ્વારા દેશના પૂર્વ એટર્ની જનરલશ્રી કે. પરાસરણનું મોસ્ટ એનીમેંટ સિનિયર સીટીઝન એવોર્ડ પ્રદાન કરી સન્માન કરવામાં આવ્યું.**
- **કે. પરાસરણનો જન્મનો વર્ષ ૧૯૨૭માં થયો હતો. તેઓ એક વકીલ છે.**
- **તેઓ વર્ષ ૧૯૭૬માં તમિલનાડુના એડવોકેટ જનરલ બન્યા હતા.**
- **તેઓ ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી સરકારમાં ભારતના એટર્ની જનરલ રહ્યા હતા.**
- **તેમના યોગદાન બદલ તેમને ભારત સરકાર દ્વારા પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ સન્માન આપવામાં આવ્યું છે.**
- **તેઓ વર્ષ ૧૯૮૩–૮૯ દરમ્યાન દેશના છઠ્ઠા એટર્ની જનરલ રહ્યા હતા.**

**એટર્ની જનરલ અને એડવોકેટ જનરલ :**

**એટર્ની જનરલ :**

- **એટર્ની જનરલ દેશના પ્રથમ કાયદા અધિકારી તરીકે કાર્ય કરે છે.**
- **તેનું મુખ્યકાર્ય રાષ્ટ્રપતિ દ્વારા સોંપવામાં આવેલ કાયદવિષયક કાર્યો અને ભારત સરકારને કાયદાવિષયક સલાહ આપવાનું હોય છે.**
- **ભારતીય બંધારણના અનુચ્છેદ ૭૬ અંતર્ગત તેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.**
- **દેશના પ્રથમ એટર્ની જનરલ એમ.સી. સેતલવાડ હતા.**
- **દેશના વર્તમાન એટર્ની જનરલ કે.કે. વેણુગોપાલ છે તેઓ દેશના ૧૫માં એટર્ની જનરલ છે**

**એડવોકેટ જનરલ :**

- **ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૬૫ અંતર્ગત દેશના દરેક રાજ્યમાં એડવોકેટ જનરલના પદની જોગવાઈ છે.**
- **તેઓ રાજ્યના સર્વોચ્ચ કાયદા અધિકારી હોય છે. તેમની નિમણૂક જે તે રાજ્યના રાજ્યપાલ દ્વારા કરવામાં આવે છે.**
- **તેમનું મુખ્ય કાર્ય રાજ્ય સરકારને કાયદાવિષયક સલાહ આપવાનું હોય છે.**
- **ગુજરાત રાજ્યના વર્તમાન એડવોકેટ જનરલ – કમલ ત્રિવેદી**

પ્રશ્નો

૧ લદ્દાખ ખાને કર્નલ એવાંગ રિનચેન સેતુનું ઉદ્‌ઘાટન કોણે કર્યું ?

- રાજનાથસિંહ

૨ તાજેતરમાં ભાતરે કયાં દેશ સાથેની તમામ ટપાલ સેવા બંધ કરી ?

- પાકિસ્તાન

૩ મોસ્ટ એનીમેંટ સિનિયર સીટીઝન એવોર્ડ કોને એનાયત કરવામાં આવ્યો ?

- કે. પસસરણ

૪ કે. પરાસરણ કયા વર્ષ દરમિયાન એટર્ની જનરલ પદે હાજર રહ્યા હતા ?
- ૧૯૮૩-૮૯
૫ એડવોકેટ જનરલની નિમણૂક ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત કરવામાં આવી છે ?
- A-165
૬ દેશના વર્તમાન એડવોકેટ જનરલ જણાવો ?
- કમલ ત્રિવેદી

## 27. October. 2019

**(૧) જાપાનના ઓકાયામાં ખાતે G-20 સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠક :**

- તાજેતરમાં જાપાનના ઓકાયામા ખાતે G-20 સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠકનું આયોજન થયું હતું.
- આ બેઠકમાં ભારતના કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. હર્ષવર્ધન હાજર રહ્યા હતા.
- આ બેઠકમાં સાર્વભૌમિક સ્વાસ્થ્ય કવરેજ, એન્ટિ–માઇક્રોબિયલ રેજીસ્ટેસ, સ્વાસ્થ્ય રક્ષા પ્રબંધન જેવા મુદ્દાઓ પર ચર્ચા થઇ હતી.
- જી–૨૦ સ્વાસ્થ્ય મંત્રીઓની આગામી બેઠકનું આયોજન સાઉદી અરબમાં કરવામાં આવશે.

**જી–૨૦**

- વીસ રાષ્ટ્રોના આંતરરાષ્ટ્રીય સંગઠનને જી–૨૦ તરીકે ઓળખવામાં આવે છે.
- આર્થિક નીતિ અંગે આંતરરાષ્ટ્રીય સંકલન સાધવાના હેતુસર વર્ષ ૧૯૯૯માં તેની સ્થાપના કરવામાં આવી છે.
- યુરોપિયન સંઘ સહિત યુ.એસ.એ. રશિયા, બ્રિટન, ચીન, ઓસ્ટ્રેલિયા, ફ્રાંસ, ભારત, બ્રાઝિલ, જાપાન, જર્મની વગેરે મહત્વના વીસ રાષ્ટ્રો તેના સભ્ય રાષ્ટ્રો છે.
- દર વર્ષે તેનું વાર્ષિક સંમેલન યોજાય છે. પ્રથમ શિખર સંમેલન વર્ષ ૨૦૦૮માં યુ.એસ. ના વોશિંગ્ટન (ડી.સી.) ખાતે યોજવામાં આવેલ હતું.

**(૨) યુનિક આઇડેન્ટિફીકેશન ઓથોરીટીના નવા સીઇઓ પંકજ કુમાર :**

- તાજેતરમાં યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરીટીના નવા સીઇઓ તરીકે પંકજ કુમારની નિયુક્તિ કરવામાં આવી.
- ૧૯૮૭ બેચના આઇએએસ અધિકારી પંકજ કુમાર હાલ કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રાદ્યોગિક મંત્રાલયના આંતરિક સચિવ તરીકે સેવા આપે છે.
- તેમને અજય ભૂષણ પાંડેનું સ્થાન લીધું.
- યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી (UIDAI)નું ગઠન વર્ષ ૨૦૦૯માં ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું.
- તેની સ્થાપના ભારતના પ્રત્યેક નાગરિકને એક બહુઉદ્દેશ્યિય રાષ્ટ્રીય ઓળખ પત્ર ઉપલબ્ધ કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી હતી.

**(૩) ભારતીય વાયુસેના દ્વારા બ્રહ્મોસ મિસાઇલના બે સફળ પરીક્ષણ :**

- તાજેતરમાં ભારતીય વાયુસેના દ્વારા અંદમાન નિકોબાર દ્વિપસમૂહમાં બ્રાહ્મોસ મિસાઇલના બે સફળ પરીક્ષણ કરવામાં આવ્યા.
- વાયુસેના દ્વારા આ પરીક્ષણ મોબાઇલ પ્લેટફોર્મથી કરવામાં આવે છે.
- બંને પરીક્ષણ દરમ્યાન મિસાઈલને પોતાના ૩૦૦ કિલોમીટર દૂર રહેલ લક્ષ્યાંકને ધ્વસ્ત કર્યા હતા.
- બ્રહ્મોસ મધ્યમ રેન્જની સુપરસોનિક ક્રૂઝ મિસાઇલ છે.
- તેનો ઉપયોગ સબમરીન, સમુદ્રી જહાજ, લડાકુ વિમાન અને જમીન પરથી કરવામાં આવે છે.
- આ મિસાઇલ રશિયાની NPO અને ભારતની ડીઆરડીઓ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવી છે.
- આ મિસાઇલનું નામ ભારતની બ્રહ્મપુત્ર નદી અને રશિયાની મોસ્કવા નદી પરથી રાખવામાં આવ્યું છે.
- બ્રહ્મોસ મિસાઇલને નવેમ્બર ૨૦૦૬માં ભારતીય સેનામાં સામેલ કરવામાં આવી હતી.

પ્રશ્નો

૧ જી-૨૦ સ્વાસ્થ્ય મંત્રીઓની બેઠકનું આયોજન કયાં થયું હતું ?
- ઓકાયામાં, જાપાન
૨ જી-૨૦ નું પ્રથમ વાર્ષિક સંમેલન કયાં યોજાયું હતું ?
- વોશિંગ્ટન (ડી.સી.) યુ.એસ.
૩ બ્રહ્મોસ મિસાઈલને ભારતીય સેનામાં ક્યારે સામેલ કરવામાં આવી હતી ?
- ૨૦૦૬
૪ યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટીના નવા સીઇઓ જણાવો ?
- પંકજ કુમાર

## 28. October. 2019

**(૧) ભારત કી લક્ષ્મી –દિપીકા પાદુકોણ અને પીવી સિંધુ**

- તાજેતરમાં કેન્દ્ર સરકારની ભારત કી લક્ષ્મી પહેલના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે બોલીવુડ અભિનેત્રી દિપીકા પાદુકોણ અને બેડમિન્ટન ખેલાડી પી.વી. સિંધુની નિમણૂક કરવામાં આવી.
- ભારત કી લક્ષ્મી પહેલ દેશભરની મહિલાઓ દ્વારા કરવામાં આવેલ સરાહનિય કાર્યને દિવાળીના ઉત્સવ પર દેશના નાગરિકો સામે લાવવાના ઉદ્દેશ્યથી લોન્ચ કરવામાં આવી છે.
- આ પહેલ દ્વારા મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવામાં આવશે.

**(૨) 'સિંધુ સુદર્શન' – ભારતીય થલસેના**

- ભારતીય થલસેના દ્વારા રાજસ્થાનના મરૂસ્થલ ખાતે 'સિંધુ સુદર્શન' નામના અભ્યાસનું આયોજન કરવામાં આવશે.
- આ અભ્યાસનું આયોજન ૨૯ નવેમ્બરથી ૪ ડિસેમ્બર દરમ્યાન કરવામાં આવશે.
- આ અભ્યાસમાં દેશના ૪૦ હજાર જવાનો ભાગ લેશે.
- આ અભ્યાસમાં ભારતીય જલ સેના અને ભારતીય વાયુસેના વચ્ચેના તાલમેલનું પ્રદર્શન કરવામાં આવશે.
- અભ્યાસ દરમ્યાન સ્ટ્રાઇક કોરની ઓપરેશન કુશળતાનું મુલ્યાંક શરૂ કરવામાં આવશે.
- આ અભ્યાસમાં ભારતીય વાયુસેનાના સૈનિકો દ્વારા એરલીફટિંગ અને પોતાના લક્ષ્યને નષ્ટ કરવાનું કાર્ય કરશે.
- આ અભ્યાસમાં સર્વિલાન્સ ચતથા વિનાશક મૈકેનીઝમનું પણ પરીક્ષણ કરવામાં આવશે.

**(૩) ગુટ નિરપેક્ષ આંદોલન શિખર સંમેલન – ૨૦૧૯**

- તાજેતરમાં અઝરબૈઝાનના બાકૂ ખાતે ગુટ નિરપેક્ષ આંદોલન શિખર સંમેલન ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું.
- ગુટ નિરપેક્ષ આંદોલનનું આ ૧૮ મું શિખર સંમેલન છે.
- આ સંમેલનમાં ભારતીય પ્રતિનિધિમંડળનું પ્રતિનિધિત્વ ઉપરાષ્ટ્રપતિશ્રી એમ. વેકૈયા નાયડુ દ્વારા કરવામાં આવ્યું હતું.
- ગુટ નિરપેક્ષ આંદોલનની શરૂઆત વર્ષ ૧૯૬૧માં કરવામાં આવી હતી.
- આ સંગઠનની સ્થાપના શીત યુદ્ધ દરમ્યાન થઇ હતી.
- તેની સ્થાપનામાં ભારતના તાત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂ અને યુગોસ્લાવિયા અને રાષ્ટ્રપતિ ઝોસિપ બ્રોજએ મહત્વની ભૂમિકા ભજવી હતી.
- તેની સ્થાપના નવ સ્વતંત્ર દેશો જેણે અમેરિકા અને સોવિયત સંઘમાં સામેલ થવાના સ્થાને તટસ્થ રહ્યા હતા તેમના માટે કરવામાં આવી હતી.
- હાલ ગુટ નિરપેક્ષ આંદોલન સંગઠનના ૧૨૦ સદસ્ય છે.

પ્રશ્નો

૧ ભારતની લક્ષ્મી પહેલના બ્રાન્ડ એમ્બેસેડર જણાવો ?
- દીપિકા પાદુકોણ, પી.વી. સિંધુ

૨ સિંધુ સુદર્શન અભ્યાસનું આયોજન કઇ સેના દ્વારા કરવામાં આવ્યું ?
- ભારતીય થલસેના

૩ સિંધુ સુદર્શન અભ્યાસનું આયોજન ક્યાં થશે ?
- રાજસ્થાનના મરૂસ્થળ ખાતે

૪ ગુટ નિરપેક્ષ આંદોલન શિખર સંમેલન ૨૦૧૯નું આયોજન ક્યાં થયું ?
- બાકુ અઝરબૈઝાન

**29. October. 2019**

**(૧) અમેરિકા ભારત સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ ફોરમના સભ્યોની પ્રધાનમંત્રી સાથે મુલાકાત :**

- તાજેતરમાં અમેરિકા ભારત સ્ટ્રેટજિક પાર્ટનરશીપ ફોરમના સભ્યોએ નવી દિલ્લી ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી.
- આ મુલાકાત દરમ્યાન ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ સુનિશ્ચિત કરવાના મુદ્દાઓ પર ચર્ચા થઇ હતી.
- અમેરિકા ભારત સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ ફોરમની સ્થાપના વર્ષ ૨૦૧૭માં કરવામાં આવી હતી.
- તેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત અને અમેરિકાની દ્વિપક્ષીય સંબંધો અને સ્ટ્રેટેજિક પાર્ટનરશીપને મજબૂત કરવાનો છે.

**(૨) જાપાનના સમ્રાટ નારૂહિતોનો રાજ્યાભિષેક :**

- તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ જાપાનના સમ્રાટ નારૂહિતોના રાજ્યાભિષેક સમારોહમાં સામેલ થયા હતા.
- જાપાનના પૂર્વ સમ્રાટ અકીહિતોના રાજપદ ત્યાગબાદ નારૂહિતો જાપાનના નવા સમ્રાટ બન્યા છે.
- પૂર્વ સમ્રાટ અકીહિતોના સમ્રાટ પદ સાંભળ્યા બાદ હેઇસઇ કાળનો આરંભ થયો હતો.
- તેમના પદત્યાગની ઘોષણા જાપાન સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭માં કરવામાં આવી હતી.
- નારૂહિતોના સમ્રાટ બન્યા બાદ જાપાનમાં રેઇવા કાળની શરૂઆત થઇ.
- નારૂહિતોનાના પિતા અકીહિતો છેલ્લા ૨૦૦ વર્ષમાં રાજપદનો ત્યાગ કરનાર પ્રથમ જાપાની સમ્રાટ છે.
- નારૂહિતો જાપાનના ૧૨૬માં સમ્રાટ બન્યા છે.
- અકીહિતો જાપાનના ૧૨૫માં સમ્રાટ તરીકે વર્ષ ૧૯૮૯ આ પદ પર હતા.

**(૩) સંજીવ નંદન સહાય – ઉર્જા સચિવ :**

- તાજેતરમાં કેબિનેટ નિયુક્તિ સમિતિ દ્વારા આઇએએસ અધિકાર સંજીવ નંદન સહાયને ઉર્જા સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.
- સંજીવ નંદન સહાય ૧૯૮૬ બેચના આઇએએસ અધિકારી છે.
- હાલ તેઓ ઉર્જા મંત્રાલયમાં વિશેષ સચિવ તરીકે કાર્યરત છે.
- તેઓ ઉર્જા સચિવ તરીકે સુભાષ ગર્ગનું સ્થાન લેશે.

પ્રશ્નો :

૧ અમેરિકા ભારત સ્ટ્રેટજિક પાર્ટનરશીપ ફોરમની સ્થાપના કયાં વર્ષમાં કરવામાં આવી હતી ?
- ૨૦૧૭

૨ જાપાનના નવા સમ્રાટનું નામ જણાવો ?
- નારૂહિતો

૩ નારૂહિતોના સમ્રાટ બન્યા બાદ જાપાનમાં કયા કાળની શરૂઆત થઈ.
- રેઈવા કાળની



Vivekanand Academy Gandhinagar

૪ જાપાનના સમ્રાટ નારૂહિતોના રાજ્યાભિષેક સમારોહમાં ભારતમાંથી કોણ સામેલ થયા હતા.
- શ્રી રામનાથ કોવિંદ
૫ ઉર્જા સચિવ તરીકે સુભાષ ગર્ગનું સ્થાન કોણ લેશે ?
- **સંજીવ નંદન સહાય**
૬ નારૂહિતો જાપાનના કેટલામાં સમ્રાટ બન્યા છે ?
- ૧૨૬માં

## 30. October. 2019

**(૧) ગિરિશ ચંદ્ર મુર્મુને જમ્મુ કાશ્મીરના પ્રથમ લેફ્ટીનેન્ટ ગવર્નર**

- તાજેતરમાં પૂર્વ આઇએએસ અધિકારી ગિરીશ ચંદ્ર મુર્મુને જમ્મુ કાશ્મીરના પ્રથમ લેફ્ટીનેન્ટ ગવર્નર નિયુક્ત કરવામાં આવ્યા.
- જ્યારે લદ્દાખના લેફ્ટીનેન્ટ ગર્વનર તરીકે રાધાકૃષ્ણ માથુરને નિયુક્ત કરવામાં આવ્યા.
- ૩૧ ઓક્ટોબર ૨૦૧૯ થી જમ્મુ કાશ્મીર અને લદ્દાખ કેન્દ્રશાસિતન પ્રદેશ તરીકે અસ્તિત્વમાં આવશે.
- જમ્મુ કાશ્મિરના રાજ્યપાલ સત્યપાલ મલિકને ગોવાના રાજ્યપાલ નિયુક્ત કરવામાં આવ્યા.
- સત્યપાલ મલિક જમ્મુ કાશ્મીર પહેલા બિહાર ઓડિશાના રાજ્યપાલ તરીકે રહી ચૂક્યા છે.
- ગિરીશચંદ્ર મૂર્મુ હાલમાં નાણાં મંત્રાલયમાં સચિવ તરીકે સેવા આપે છે. તેઓ ગુજરાત કેડરના આઇએએસ અધિકારી છે. ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદી સરકાર સમયે તેઓ તેમના મુખ્ય સચિવ તરીકે રહ્યા હતા.
- રાધાકૃષ્ણ માથુર ૧૯૭૭ બેચના ત્રિપુરા કેડરના આપીએસ અધિકારી છે. નવેમ્બર ૨૦૧૮માં તેઓ મુખ્ય માહિતી કમિશનર તરીકે સેવા નિવૃત્ત થાય હતા.

**(૨) હરિયાણાના મુખ્યમંત્રી તરીકે મનોહરલાલ ખટ્ટર :**

- તાજેતરમાં હરિયાણા વિધાનસભા બેઠકની ચૂંટણી બાદ ભારતીય જનતા પાર્ટી અને જનનાયક જનતા પાર્ટી અને ૭ સ્વતંત્ર ઉમેદવાર સાથે ગઠબંધનની સરકારની રચના થઇ છે.
- હરિયાણા સરકચારના તરીકે મનોહરલાલ ખટ્ટરે શપથ લીધા.
- તેઓ બીજી વખત હરિયાણાના મુખ્યમંત્રી બન્યા છે. પ્રથમ વખત તેઓ વર્ષ ૨૦૧૪માં હરિયાણાના મુખ્યમંત્રી બન્યા હતા.
- તેમની સાથે જનનાયક જનતા પાર્ટીના દુષ્યંત ચૌટાલાએ ડેપ્યુટી મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
- ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ ચૂંટણી પરિણામમાં ભારતીય જનતા પાર્ટીને ૪૦ બેઠકો પર જીત મળી છે.
- જ્યારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ૩૧ બેઠકો પર જીત મેળવી છે.
- ભારતીય જનતા પાર્ટીના સાથે પક્ષ જનનાયક જનતા પાર્ટીએ આ ચૂંટણીમાં ૧૦ બેઠકો મેળવી છે.
- હરિયાણા વિધાનસભામાં કુલ ૯૦ બેઠકો છે.

પ્રશ્નો :
૧. જમ્મુ કાશ્મીરના પ્રથમ લેફ્ટીનેન્ટ ગવર્નર જણાવો ?
- ગિરીશ ચંદ્ર મુર્મુ
૨ લદ્દાખના લેફ્ટીનેન્ટ ગવર્નર તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?
- રાધાકૃષ્ણ માથુર
૩ ગોવાના નવા રાજ્યપાલ જણાવો ?
- સત્યપાલ મલિક
૪ હરિયાણાના નવા મુખ્યમંત્રી જણાવો ?
- મનોહરલાલ ખટ્ટર
૫ હરિયાણામાં વિધાનસભાની બેઠકો કેટલી છે ?
- ૯૦

## 31. October. 2019

**(૧) ગાંધીનગર જિલ્લો ગુજરાત રાજ્યનો પ્રથમ કેરોસીન મુક્ત જિલ્લો**

- તાજેતરમાં ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગાંધીનગર જિલ્લાની મહિલાઓને ૧૦૦૦ એલપીજી સિલિન્ડર વિતરણ કર્યા.
- આ મહિલાઓને ઉજ્જવલા યોજના અંતર્ગત ગેસ સિલિન્ડર પ્રદાન કરવામાં આવ્યા છે.
- આ સાથે જ ગાંધીનગર જિલ્લો ગુજરાત રાજ્યનો પ્રથમ કેરોસીન મુક્ત જિલ્લો બન્યો છે.
- આ કાર્યક્રમ દરમ્યાન અમિત શાહે પીવાના પાણીની યોજનાઓનો પણ પ્રારંભ કરાવ્યો.
- આ સાથે જ તેમણે એક કન્ટ્રોલ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું જેમાં વૃદ્ધ લોકો, વિધવા મહિલાઓ અને આયુષ્માન ભારત યોજનાના લાભાર્થીઓને કાર્ડ વિતરણ કરવામાં આવશે.
- દેશનું પ્રથમ કેરોસીન મુક્ત શહેર ચંદીગઢ છે.
- વર્ષ ૨૦૧૮માં કેંન્દ્ર સરકાર દ્વારા દેશના ૮ રાજ્યો સહિત કેન્દ્રશાસિત પ્રદેશોને કેરોસીન મુક્ત કરવામાં આવ્યા હતા.
- જેમાં પોન્ડુચેરી, દીવ, દમણ, આંધ્રપ્રદેશ, દિલ્લી, પંજાબ અને હરિયાણાનો સમાવેશ થાય છે.

**(૨) સતર્કતા જાગરૂકતા સપ્તાહ –૨૦૧૯**

- તાજેતરમાં સેન્ટર વિજિલન્સ કમિશન દ્વારા ૨૮ ઓક્ટોબર થી ૨ નવેમ્બર ૨૦૧૯ દરમ્યાન સતર્કતા જાગરૂકતા સપ્તાહ ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું.
- સેન્ટર વિજિલન્સ કમિશન દ્વારા દર વર્ષે સરદાર વલ્લભભાઇ પટેલની જન્મજયંતિ સપ્તાહ દરમ્યાન આ સપ્તાહનું આયોજન કરવામાં આવે છે.
- આ વર્ષે સેન્ટર વિજિલન્સ કમિશન દ્વારા આ સપ્તાહનું આયોજન ' સત્યનિષ્ઠા – એક જીવન પધ્ધતિ' થીમ પર કરવામાં આવી રહ્યું છે.

**સેન્ટ્રલ વિજિલન્સ કમિશન :**

- સેન્ટ્રલ વિજિલન્સ કમિશન ભ્રષ્ટાચાર સંબંધિત કેન્દ્ર સરકારની સર્વોચ્ચ સંસ્થા છે.

Vivekanand Academy Gandhinagar

– **સેન્ટ્રલ વિજિલન્સ કમિશનની સ્થાપના ભ્રષ્ટાચારને રોકવા માટે કે. સંથનમ સમિતિની ભલામણ બાદ વર્ષ ૧૯૬૪માં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી હતી.**
– **સેન્ટ્રલ વિજિલન્સ કમિશનના અધ્યક્ષની નિમણૂક પસંદગી સમિતિની ભલામણ બાદ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.**

**(3) કતારપુર કોરિડોર કરાર પર હસ્તાક્ષર :**

– **તાજેતરમાં ભારત અને પાકિસ્તાન દ્વારા કતારપુર કોરિડોર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.**
– **આ હસ્તાક્ષર દરમ્યાન કેન્દ્ર સરકારના વિદેશ મંત્રાલય, રક્ષા મંત્રાલય, ગૃહ મંત્રાલય અને પંજાબ રાજ્ય સરકારના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.**
– **કરતારપુર પાકિસ્તાનના પંજાબના નરોવલ જિલ્લામાં રાવી નદી કિનારે આવેલ નગર છે.**
– **આ નગરની સ્થાપના શીખ ધર્મના પ્રથમ ધર્મગુરૂ નાનકે ૧૬ મી સદીમાં કરી હતી.**
– **વર્ષ ૧૫૩૯માં તેમનું કરતારપુર ખાતે નિધન થયું હતું.**
– **ભારતમાં વસતા શીખ ધર્મના અનુયાયી માટે ભારત અને પાકિસ્તાન દ્વારા ભારતના પંજાબ ખાતે આવેલ ડેરા બાબા નાનક સાહિબથી પાકિસ્તાનના પંજાબ ખાતે આવેલ ગુરૂદ્વારા દરબાર સાહિબ કરતારપુરને જોડતો કોરિડોર બનાવવામાં આવી રહ્યો છે.**
– **કરતારપુર કોરીડોરનો શિલાન્યાસ વર્ષ ૨૦૧૮માં ભારતના પંજાબના ગુરદાસપુર જિલ્લાના માન ગામ ખાતેથી ઉપરાષ્ટ્રપતિ એમ વેકૈયા નાયડુ દ્વારા કરવામાં આવ્યો હતો.**
– **પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઇમરાન ખાન દ્વારા પાકિસ્તાનના પંજાબના નરોવલ ખાતેથી આ કોરિડોરનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.**
– **કરતારપુર કોરિડોરનો પ્રથમ પ્રસ્તાવ ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી દ્વારા વર્ષ ૧૯૯૯માં રજૂ કરવામાં આવ્યો હતો.**

પ્રશ્નો :

૧. ગુજરાતનો કયાં જિલ્લો પ્રથમ કેરોસિન મુક્ત જિલ્લો બન્યો ?
- ગાંધીનગર.

૨ દેશનું પ્રથમ કેરોસિન મુક્ત શહેર જણાવો ?
- ચંદીગઢ

૩ કેન્દ્રીય ગૃહમંત્રી જણાવો ?
- અમિત શાહ

૪ સતકર્તા જાગરૂકતા સપ્તાહ -૨૦૧૯નું આયોજન કોના દ્વારા કરાવમાં આવ્યું હતું ?
- સેન્ટર વિજિલન્સ કમિશન

૫ સતકર્તા જાગરૂકતા સપ્તાહ ૨૦૧૯ની થીમ જણાવો ?
- સત્યનિષ્ઠા એક જીવન પધ્ધતિ

૬ કઇ સમિતિની ભલામણ બાદ સેન્ટ્રલ વિજિલન્સ કમિશનની સ્થાપના કરવામાં આવી હતી ?
- કે. સંથનમ સમિતિ